dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 352 | AD - 2024, Bhadarva Vad - 9 | Thursday, Dt.26-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શાંતિપૂર્ણ મતદાન, ૨૩૯ ઉમેદવારોનું ભાવિ સીલ

## જમ્મુ કાશ્મીરમાં બીજા તબક્કામાં ૬૩% મતદાન

શ્રીનગર,તા.૨૫

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૨૬ બેઠકો માટે આજે કાશ્મીર ખીણની ૧૫ અને જમ્મુ વિભાગની ૧૧ બેઠકો પર મતદાન થયું હતું. મતદારોએ કુલ ૨૩૯ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ કરી દીધું છે. મતદાન દરમિયાન કોઈપણ અપ્રિય બનાવ બનવા પામ્યો ન હતો અને મતદારોએ ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું. ૨૬ બેઠકો માટે સરેરાશ ૬૩ ટકા જેટલું મતદાન થયું છે. શ્રીનગર જિલ્લામાં સૌથી વધુ આઠ બેઠકો પર બીજા રાઉન્ડમાં મતદાન થયું. આ પછી, રિયાસીમાં છ, બડગામમાં પાંચ, પૂંચમાં ત્રણ અને ગાંદરબલમાં બે બેઠકો પર મતદાન થયું છે. સાંજે ૫ વાગ્યા સુધી જમ્મુ-કાશ્મીરમાં ૫૪.૦૦ ટકા મતદાન થયું હતું. સૌથી વધુ ૭૧.૮૧ ટકા મતદાન રિયાસી જિલ્લામાં અને સૌથી ઓછું ૨૭.૩૧ ટકા મતદાન શ્રીનગર જિલ્લામાં નોંધાયું હતું. આ પહેલા ૧૮ સપ્ટેમ્બરે યોજાયેલા પ્રથમ તબક્કામાં ૬૧.૩૮ ટકા મતદાન થયું હતું. સૌથી વધુ ૮૦.૨૦ ટકા મતદાન કિશ્તવાડ જિલ્લામાં અને સૌથી ઓછું મતદાન પુલવામા જિલ્લામાં ૪૬.૯૯ ટકા નોંધાયું હતું. મતદાન દરમિયાન વિદેશી પ્રતિનિધિમંડળે ઓમપોરા (બડગામ)માં મતદાન મથકોની મુલાકાત લીધી હતી, ત્યારબાદ લાલ ચોક મતવિસ્તારમાં અમીરા કદલ અને એસપી કોલેજ, ચિનાર બાગ ખાતે સ્ટોપઓવર કર્યું હતું. એસપી કોલેજ ખાતે પ્રતિનિધિઓને ખાસ ગુલાબી મતદાન મથકની મુલાકાત લેવાની તક મળી જેનું સંપૂર્ણ સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું



હતું. આજે જે ઉમેદવારોના ભાવિનો નિર્ણય થયો છે તેમાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા, જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તારિક હમીદ કારા અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા રવિન્દ્ર રૈનાનો સમાવેશ થાય છે. મેંધરના ગુરસાઈ વિસ્તારમાં મતદાન કેન્દ્ર નંબર ૭૧ પર અથડામણના સમાચાર છે, પથ્થરમારાની ઘટનામાં એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઘાયલ થઈ છે. ઘાયલ કોન્સ્ટેબલને તાત્કાલિક સબ ડિવિઝનલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. મતદાન દરમિયાન આ અપ્રિય ઘટના બાદ સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી. પોલીસ પ્રશાસન મામલાની તપાસમાં વ્યસ્ત થઈ ગયા હતાં અને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન અંગે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે દિલ્હીમાં કહ્યું, 'લોકો મોટી સંખ્યામાં મતદાન કરવા માટે બહાર આવી રહ્યા છે. અમે ખૂબ જ ખુશ છીએ કે સમગ્ર ખીણ અને જમ્મુમાં ઉત્સાહ સાથે મતદાન થઈ રહ્યું છે. શ્રીનગરની ખીણ હોય કે ઉંચા પહાડી શિખરો જ્યાંથી વિક્ષેપના કોલ આવી રહ્યા હતા, દરેક જગ્યાએ લોકો મતદાન કરવા બહાર આવી રહ્યા છે. જે વિસ્તારોમાં બહિષ્કારની હાકલ હતી ત્યાં પણ મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરમાં શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે ચૂંટણી કેવી રીતે યોજવામાં આવે તે વિશ્વને જોવાનું છે. વિધાનસભાની ચૂંટણીને નિહાળવા માટે મોટી સંખ્યામાં રાજદ્વારીઓ પણ આ વિસ્તારમાં છે. જમ્મુ અને કાશ્મીરના બડગામમાં ચરાર-એ-શરીફ વિધાનસભા મતવિસ્તારના પીડીપી ઉમેદવાર ગુલામ નબી લોન હંજુરાએ કહ્યું, 'અહીં ખૂબ સારું વાતાવરણ છે. લોકો છેલ્લા ૧૦ વર્ષથી આ ચૂંટણીની રાહ જોઈ રહ્યા હતા. લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાજપના ઉમેદવાર બલદેવ રાજ શર્માએ માતા વૈષ્ણોદેવી વિધાનસભા ક્ષેત્રમાંથી પોતાનો મત આપ્યો હતો.

### ઈનોવા કાર ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી ગઈ

## હિંમતનગર નજીક અકસ્માતમાં અમદાવાદના ૭ યુવાનોના મોત

**કારમાં સવાર માત્ર એક યુવાન જીવિત, તે પણ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાય છે**

હમતનગર,તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર એક કાર ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી જતાં ૭ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે અન્ય એકની હાલત પણ ગંભીર છે. ડીવાયએસપી એ.કે.પટેલે અકસ્માત અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આજે સવારે શામળાજીથી હિંમતનગર આવતા રોડ પર ઈનોવા કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માત થયો હતો. ઈનોવા પાછળથી ટ્રેલરમાં ઘૂસી ગઈ હતી. શામળાજીથી હિંમતનગર આવતા રોડ પર સવારે ઈનોવા અને ટ્રેલર વચ્ચે અકસ્માત થયો હતો. ઈનોવામાં જે ૮ લોકો સવાર હતા તેમાંથી ૭ લોકોના મોત નિપજ્યા છે જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. તમામ મૃતક અમદાવાદના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ હિંમતનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો.





તમામ મૃતકો પણ અમદાવાદના જ રહેવાસી હોવાનું ખૂલ્યું છે. પોલીસ તપાસમાં એવું જાણવા મળ્યું છે કે જીજે૦૧આરયુ૦૦૭૭ નંબરની ઈનોવા કાર પૂરપાટ ઝડપે શામળાજી તરફથી આવી રહી હતી. જે એક વ્યક્તિ આ અકસ્માતમાં બચ્યો હતો તેની હાલત પણ ગંભીર છે અને તેને સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અકસ્માત એટલો ગંભીર હતો કે ઈનોવા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારની અંદર લાશો ફસાઈ ગઈ હતી. જેના કારણે ગેસ કટરથી કારના પતરાં કાપી લાશોને બહાર કાઢવી પડી હતી. હિંમતનગરમાં સહકારી જીન નજીક આજે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. જ્યાં શામળાજી તરફથી અમદાવાદ આવતી કાર ધડાકાભેર એક ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. જેના લીધે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાલમાં એકની હાલત ગંભીર છે જેની સારવાર ચાલી રહી છે. મૃતકોમાં ૧.ધનવાની ચિરાગ રવિભાઈ, ૨. રોહિત, ૩. સાગર ઉદાની, ૪. ગોવિંદ, ૫. રાહુલ, ૬. રોહિત, ૭. બર્થનો સમાવેશ થાય છે. આ તમામ મૃતકોની લાશને પીએમ અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

## દિલ્હીમાં પ્રદૂષણને નાથવા માટે ફરી એકવાર ઓડ-ઈવન સિસ્ટમ લાગુ થશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

સરકારે દિલ્હીમાં પ્રદૂષણને લઈને વિન્ટર એક્શન પ્લાન તૈયાર કર્યો છે. સરકારે ફરી એકવાર રાજધાનીમાં ઓડ-ઈવન લાગુ કરવાના સંકેત આપ્યા છે. સરકાર ૧ થી ૧૫ નવેમ્બર વચ્ચે દિલ્હીમાં કૃત્રિમ વરસાદ કરાવવાની પણ તૈયારી કરી રહી છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું, એનસીઆર રાજ્યોમાં વધી રહેલા પ્રદૂષણ સ્તરની અસર દિલ્હી પર પડે છે. પ્રદૂષણના સ્તરને ઘટાડવા માટે કેન્દ્ર સરકારની પણ અમને જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ એજન્સીઓ અને સરકારો સાથે મળીને કામ કરે ત્યારે જ પ્રદૂષણ સામે અસરકારક રીતે લડી શકાય છે. તેથી જ અમારી સરકાર 'ચાલો સાથે



મળીને પ્રદૂષણ સામે લડીએ' થીમને અનુસરીને વિન્ટર એક્શન પ્લાન પર કામ કરશે. અમારા સામૂહિક પ્રયાસોનું પરિણામ છે કે દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત ઘટી રહ્યું છે. ગોપાલ રાયે કહ્યું કે શિયાળામાં પ્રદૂષણના સ્તરને નિયંત્રિત કરવા માટે, દિલ્હી સરકાર આજથી 'વોર અગેઈન્સ્ટ પોલ્યુશન' અભિયાન શરૂ કરી રહી છે. આ વર્ષે અભિયાનની થીમ રહેશે, "સાથે મળીને, પ્રદૂષણ સામે લડીશું". તેમણે કહ્યું કે ૨૦૧૬ની સરખામણીમાં પ્રદૂષણના સ્તરમાં ૩૪.૬ ટકાનો ઘટાડો થયો છે.




## જ્યાં સુધી સરહદ પર શાંતિ નહીં હોય ત્યાં સુધી સંબંધોને આગળ વધારવા મુશ્કેલ : એસ. જયશંકર

નવીદિલ્હી,તા.૨૫

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે ભારત-ચીન સંબંધો એશિયાના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે અને તેની અસર માત્ર આ ખંડ પર જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ પર પડશે. અહીં એશિયા સોસાયટી અને એશિયા સોસાયટી પોલિસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત 'ભારત, એશિયા અને વિશ્વ' કાર્યક્રમને સંબોધતા જયશંકરે કહ્યું, "મને લાગે છે કે ભારત-ચીન સંબંધો એશિયાના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે. એક રીતે તમે કહી શકો કે જો વિશ્વને બહુધ્રુવીય બનવું છે, તો એશિયાએ બહુધ્રુવીય બનવું પડશે અને તેથી આ સંબંધ માત્ર એશિયાના ભવિષ્યને જ નહીં પરંતુ સંભવતઃ વિશ્વના ભવિષ્યને પણ અસર કરશે." તેમણે કહ્યું કે તે સાચું છે, હવે બંને દેશો વચ્ચેના સંબંધો 'ખૂબ જ તંગ' છે. વિદેશ મંત્રીએ કહ્યું કે ચીન સાથે ભારતનો મુશ્કેલ ઈતિહાસ રહ્યો છે. ચીન અંગેના એક પ્રશ્નના જવાબમાં જયશંકરે કહ્યું કે, તમારી પાસે એવા બે દેશો છે જે એક અબજથી વધુ લોકોની વસ્તી ધરાવતા બે દેશો છે, બંને વૈશ્વિક ક્રમમાં આગળ વધી રહ્યા છે અને ઘણી વખત તેમની સરહદો હકીકત સહિત ઓવરલેપ થાય છે કે તેમની પાસે સમાન હદ છે. તેથી તે ખરેખર એક ખૂબ જ જટિલ મુદ્દો છે. મને લાગે છે કે જો તમે આજે વૈશ્વિક રાજકારણ પર નજર નાખો તો ભારત અને ચીનનો સમાંતર ઉદય



એક ખૂબ જ અનોખી સમસ્યા રજૂ કરે છે. જયશંકરે તાજેતરમાં કહ્યું હતું કે સૈનિકો પાછા ખેંચવા અંગે ચીન સાથેની લગભગ ૭૫ ટકા સમસ્યાઓનું સમાધાન થઈ ગયું છે. એશિયા સોસાયટીની વાતચીત દરમિયાન તેમની ટિપ્પણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તે ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતા, વિદેશ મંત્રીએ કહ્યું, "જ્યારે હું કહું છું કે આમાંથી ૭૫ ટકા સમસ્યાઓ ઉકેલાઈ ગઈ છે, તે ફક્ત સૈનિકો પાછા ખેંચવાના સંબંધમાં છે. આ સમસ્યાનો એક ભાગ છે.









**માલસામાનમાં બેફામ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાની લોકમુખે ચર્ચા**

# સા.કુંડલાના મેરીયાણા ગામે બની રહેલી પ્રા.શાળામાં ભ્રષ્ટાચારની બૂ

અમરેલી, તા.૨૫

રાજ્ય સરકાર દ્વારા શાળાઓનાં નવીનીકરણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ સરકારનાં પદાધિકારીઓ દ્વારા શાળાઓનાં બાંધકામમાં ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. ગામમાં સારા બાંધકામની જવાબદારી જેના શિરે છે તેવા જવાબદાર પદાધિકારી પણ આંખ આડા કાન કરતાં હોવાથી આડકતરી રીતે શાળાના નબળા બાંધકામમાં તેમની પણ મિલીભગત હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે પ્રાથમિક શાળા બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતા ગ્રામજનો



અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. જો કે આ શાળાના બાંધકામમાં વપરાતા માલસામાનમાં લોટ પાણી ને લાકડાં હોવાથી જાગૃત ગ્રામજનોએ આ બાબતે તાલુકા પંચાયતના જવાબદાર પદાધિકારીને રજૂઆત કરતાં તેમણે સ્થળ નિરિક્ષણ કરી નબળુ બાંધકામ અટકાવ્યું હતું. જો કે, ફરી નબળું બાંધકામ શરૂ થતાં ગામના સારા કામની દેખરેખ રાખવાની જવાબદારી જેના શિરે છે તેવા પદાધિકારી પણ કોન્ટ્રાકટરને છૂટો દોર આપતાં હોય અને બાંધકામમાં થઈ રહેલા ભ્રષ્ટાચારમાં પણ તેમની મિલીભગત હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આમ મેરીયાણા ગામે બની રહેલી પ્રાથમિક શાળામાં વપરાતા માલ-સામાનની યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**નબળા કામ અંગે ફરિયાદ કરવા છતાં પદાધિકારીઓની મિલીભગત**

# ખાંભાના મોટા સમઢીયાળા ગામે ખાડામાં પડી જતા બાળકનું મોત

અમરેલી, તા.૨૫

ખાંભાના મોટા સમઢીયાળા ગામના ખેડૂત રમેશભાઈ સેંજલિયાની વાડીમાં પરપ્રાંતીય ખેતમજૂર પરિવાર મજૂરીકામ કરતો હતો. તેનો અઢી વર્ષનો બાળક રમતો હતો. જે બાળક રમતા રમતા શોષ ખાડામાં ખાબક્યો હતો. જેની જાણ થતાં પરિવારે બાળકને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખાંભા આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ફરજ પરના ડોકટરે તપાસ કરતા બાળકનું મ ાે ત થયું હોવાનું જાહેર કર્યું હતું. મૃતક બાળકના પરિવારમાં શોક છવાયો છે. હોસ્પિટલમાં પીએમ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મૃતકના પરિવારજનો, ખેડૂતો હોસ્પિટલમાં દોડી આવ્યાં હતા. પોલીસે પણ હોસ્પિટલમાં દોડી આવી તપાસ હાથ ધરી છે. બાળક કેવી રીતે અકસ્માતે પડી ગયો તેને લઈ પોલીસે પરિવારના નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરી છે.

# સાવરકુંડલા તાલુકાના બાઢડામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામમાં યુવાનોએ છોડનું રોપણ કરી સ્વચ્છ અને સમૃદ્ધ ગામ બનાવવાની નેમ સાથે બાઢડા ગામની જાહેર જગ્યાઓ અને રોડ પરની બંને સાઈડ વૃક્ષો વાવ્યા હતાં અને છોડના જતન અને તેના રક્ષણ માટે ટ્રી-ગાર્ડ લગાવવામાં આવ્યા હતા.

# અમરેલીના લીલીયા મોટા ખાતે ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી કરાઈ

લીલીયા, તા.૨૫

સમગ્ર વિશ્વમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ફાર્માસિસ્ટ એ આરોગ્ય વિભાગની સેવામાં જોડાયેલ પડદા પાછળનો સાચો હીરો છે. આ દવાખાનું શબ્દમાં સંકળાયેલ દવા શબ્દ જ ફાર્માસિસ્ટની ઓળખાણ આપે છે. દવાના સંશોધનથી શરૂ



કરીને બનાવવાથી લઈ લોકોને આપવા સુધીની જવાબદારી બનતી હોય છે. ફાર્માસિસ્ટ દિવસે લોકોના સારા સ્વાસ્થ માટે કામગીરી કરનાર પડદા પાછળના હીરો લીલીયા સિવિલ હોસ્પિટલમાં ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા અમિતભાઈ સી. ટાંક અભિનંદનને પાત્ર છે અને તેમના દ્વારા લીલીયા C.H.C.માં ગરીબ દર્દીઓને બિસ્કિટ, ફળ, નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ચિતલમાં આજે વિનામૂલ્યે નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન

**જરૂરિયાતમંદ દર્દીઓને કેમ્પનો લાભ લેવા અનુરોધ**


અમરેલી, તા.૨૫

ચિતલ ગામે આજરોજ વિનામૂલ્યે નેત્રમણિ, નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સરસ્વતિ વિદ્યામંદિર, જૂના સરકારી દવાખાના પાછળ સવારનાં ૯:૩૦ થી ૫:૩૦ સુધી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓનાં વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવશે. દર્દીઓનાં ઓપરેશન રણછોડદાસજી બાપુ ચેરિ. ટ્રસ્ટ રાજકોટ ખાતે કરવામાં આવશે તો આ કેમ્પનો જરૂરિયાતમંદ દર્દીઓને લાભ લેવા જણાવાયું છે.

# અમરેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન વેગવંતુ બનાવવામાં આવ્યું

અમરેલી,તા.૨૫

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના ગલી, મહોલ્લા અને મુખ્ય રાજમાર્ગોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા રાત્રિ સફાઈનું પણ સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના મુખ્ય માર્ગ એવાં લાઠી રોડ ઉપરાંત ડિવાઈડર નજીક પણ સાફ સફાઈ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ગ્રામ્ય



અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરવા આહ્‌વાન કરવામાં આવ્યુ હતું. શહેર અને ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળો બને, રોગચાળા મુકત બને તે બાબતે સહિયારી જવાબદારી સાથે સ્વચ્છતાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# સાવરકુંડલામાં અરજદારોની અરજીનો નિકાલ કરવા સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલામાં શહેરી વિસ્તારના નાગરિકોની વ્યકિતલક્ષી રજૂઆતોનો સ્થળ પર ત્વરિત ઉકેલ માટે સરકારની સૂચના પ્રમાણે જિલ્લા વહીવટી તંત્ર, તાલુકા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા મહુવા રોડ ખાતે આવેલ નગરપાલિકા કચેરી પ્રેસ ગ્રાઉન્ડ



ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વોર્ડ નંબર ૧, ૪, ૫ અને ૬માં રહેતા તેમજ સમગ્ર સાવરકુંડલા શહેરનાં લાભાર્થીઓએ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લીધો હતો. આ કેમ્પમાં સાવરકુંડલા પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર, પાલિકા એન્જીનિયર, હાઉસટેકસ ઈન્સ્પેકટર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં આ સેવાસેતુ કાર્યક્રમનો સાવરકુંડલાની જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# વિશ્વ હૃદય દિવસ નિમિત્તે અમરેલીમાં યોગ શિબિર યોજાશે

**તા.૨૯ના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરાયું**

અમરેલી,તા.૨૫

વિશ્વ હૃદય દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિરનો ઉદ્દેશ્ય હૃદય રોગ સંબંધે લોકોમાં જાગૃતિ, ઉપાયો અને યોગ થકી તેને અટકાવવા માટેનો છે. લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગે જાગૃતિ કેળવાય અને લોકો યોગ કરતા થાય તે માટે આ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગદોડભર્યાં જીવનમાં ખાસ કરીને હૃદય સંબંધી રોગો અટકાવવા માટે યોગ ખૂબ કારગર નીવડે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા.૨૯-૯ના રોજ સવારના ૬ થી ૮ કલાક દરમિયાન અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આ યોગ શિબિર યોજાશે.

**રસ્તો ન બને ત્યાં સુધી માર્ગનું સમારકામ કરવા માંગ ઉઠી**

# બગસરાનો ખખડધજ માર્ગ હવે સ્ટેટ ઓથોરિટીને સોંપવાની તૈયારી

**સ્ટેટ ઓથોરિટીને માર્ગ સોંપ્યા પછી નવિનીકરણ કરાશે : ધારાસભ્ય**

અમરેલી,તા.૨૫

બગસરાના કુંકાવાવ નાકાથી આઈટીઆઈ સુધીના માર્ગ પર મસમોટા ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. જો કે આ રસ્તો બનાવવાનું કામ હવે સ્ટેટ ઓથોરિટીને સોંપવા માટે ધારાસભ્યએ પાલિકાને ઠરાવ કરવા માટે કહેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યુ છે. કુંકાવાવ નાકાથી આઈટીઆઈ સુધીનો રોડ છેલ્લાં ઘણા સમયથી બિસ્માર હાલતમાં હોય વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. જેથી આ રસ્તા બાબતે ધારાસભ્ય જે.વી.કાકડીયાએ જણાવ્યું હતુ કે, આટલો મોટો રસ્તો



પાલિકા બનાવી શકે તેમ નથી જેથી આ માર્ગ સ્ટેટ ઓથોરીટીને સોંપવામાં આવશે. આ અંગે પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી.રીબડીયાએ જણાવ્યું હતું કે, સ્ટેટ ઓથોરિટીને સોંપવા માટે ધારાસભ્ય દ્વારા ઠરાવ કરવાનું કહેવામાં આવ્યું છે તો અમરેલી માર્ગ-મકાન અધિકારીએ જણાવ્યું હતું કે, સ્ટેટ ઓથોરિટીને સોંપવા માટે ઠરાવ કર્યા બાદ રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલવામાં આવશે. આ માર્ગ સ્ટેટ ઓથોરિટી પાસે હતો તેમણે પાલિકાને સોંપ્યો અને હવે ફરી આ માર્ગ સ્ટેટ ઓથોરિટીને સોંપવા માટે પાલિકા કાર્યવાહી કરશે. આમ, જયાં સુધી નવો માર્ગ ન બને ત્યાં સુધી માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી જિલ્લાના વિકાસ માટે દિલીપ સંઘાણીનું અભિયાન

**ગાંધીનગર ખાતે યોજનાર એગ્રી એશિયા કૃષિ મેળામાં અમરેલી જિલ્લાના ખેડૂતોને નિઃશુલ્ક સ્ટોલ આપવાની જાહેરાત કરી**

અમરેલી,તા.૨૫

ઈફકોના ચેરમેન અને પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપભાઈ સંઘાણીએ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે નવતર પહેલ કરી છે. તેમણે જિલ્લાના ખેડૂતો અને વ્યવસાયકારોને વિકાસની તકો આપવા માટે અનેક યોજનાઓની જાહેરાત કરી છે. ગાંધીનગર ખાતે યોજનાર એગ્રી એશિયા કૃષિ મેળામાં અમરેલી જિલ્લાના ખેડૂતોને નિઃશુલ્ક સ્ટોલ આપવાની જાહેરાત કરતાં સંઘાણીએ જણાવ્યું કે, "જિલ્લાના કોઈપણ મૂલ્યવર્ધિત ઉત્પાદન કરતા ખેડૂતોને વેચાણ માટે પ્લેટફોર્મ જોઈતું હશે તો સ્ટોલનો ખર્ચ અમારી સંસ્થા ઉપાડશે." ચિતલ ગામમાં ૯૦



જેટલાં યુનિટ્સમાં ઉત્પાદિત થતાં આધુનિક ખેત ઓજાર 'સનેડા'ને પ્રોત્સાહન આપવા માટે સબસિડીની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉદ્યોગકારો સાથે નજીકના ભવિષ્યમાં બેઠક યોજવાની પણ જાહેરાત કરવામાં આવી છે. કૃષિ મેળામાં અમરેલી જિલ્લાના વિવિધ ઉત્પાદકોને સ્ટોલ આપવામાં આવ્યા છે, જેમાં ચિતલના સનેડા અને મિની ટ્રેક્ટર, મોટા આંકડિયા ગામના પ્રાકૃતિક ખેતી ઉત્પાદનો, બોરડી ગામની વિવિધ કાચરીઓનો સમાવેશ થાય છે.

સંઘાણીએ ખેડૂતોના સંતાનોને ગામડાંમાં જ રોજગારી મેળવવા આહ્વાન કર્યું છે. તેમણે જણાવ્યું કે, "ખેતી અને પશુપાલન સાથે જોડાવા માટે ગાયો ખરીદવા અને શેડ બનાવવા માટે સરકાર અને બેંકો આર્થિક સહાય કરશે." કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ દ્વારા રોજગારલક્ષી, ખેતીલક્ષી અને ઉદ્યોગલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવશે, જેનો લાભ આગામી સમયમાં અમરેલી જિલ્લાને મળશે એમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સા.કુંડલાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુધારણા માટે ૧૬.૮૫ કરોડની ફાળવણી

અમરેલી, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના રોડ સુધારણા માટે ધારાસભ્ય દ્વારા રૂા.૧૬.૮૫ કરોડની ફાળવણી કરવામાં આવતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂા.૧૬.૮૫ કરોડ ગ્રામ્ય



વિસ્તારોના માર્ગ સુધારણા માટે મંજૂર કરવામા આવ્યાં છે. જેમાં ૭ મુખ્ય પ્રોજેકટને મંજૂરી આપવામાં આવી છે. જેમાં વિજપડીથી વિજપડી રેલ્વે સ્ટેશન, લીખાળા, ગાવડકા, રામગઢ સહિતના ગ્રામ્ય વિસ્તારોના માર્ગોના કામ કરવામાં આવશે. રોડ-રસ્તાના કામ મંજૂર થતાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓને ફાયદો થશે. જેથી તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયાએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# જિલ્લામાં રેતીચોરી કરતા ઈસમો સામે કડક કાર્યવાહી, ૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ચોરીની ફરિયાદ ઉઠતા અમરેલી કલેકટરના માર્ગદર્શન અને સૂચના હેઠળ અમરેલી જિલ્લામાં ભૂસ્તરશાસ્ત્રીની અને રેવન્યુ વિભાગની સંયુક્ત ટીમો દ્વારા અલગ અલગ ટીમો બનાવી નદીઓમાં દરોડા શરૂ કરવામાં આવ્યા છે. શેત્રુંજી નદીમાં અલગ અલગ સ્થળેથી રેતી ચોરી કરતા ૭ ટ્રેક્ટરો સહિત ૨૮ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. ગોખરવાળા ચાંપાથળ નજીકથી પસાર થતી શેત્રુંજી નદીના પટમાંથી ખાણ ખનીજ વિભાગ દ્વારા ૩ ટ્રેક્ટર, રાજુલા નજીક ધાતરવડી નદીના પટમાંથી ૪ ટ્રેક્ટર ઝડપી પાડ્યા હતા. ખાણખનીજ વિભાગ દ્વારા કુલ ૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ખાણખનીજ વિભાગની કાર્યવાહીના પગલે ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.

**ખાણ-ખનીજ વિભાગની કાર્યવાહીથી ખનીજચોરોમાં ફફડાટ**

# આજે અમરેલીના જેસીંગપરા પટેલ વાડી ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

**હેલ્થ ચેકઅપનું પણ આયોજન કરવામાં આવ્યુ**

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને અમરેલી નગરપાલિકા દ્વારા અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારની પટેલ વાડી ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. આજે તા.૨૬ ને ગુરૂવારના રોજ યોજાનાર સેવા સેતુ કાર્યક્રમમાં શહેરના વોર્ડ નં. ૬, ૮, ૯, ૧૦ અને ૧૧ના લોકો રાજ્ય સરકારની વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવી શકશે. સેવા સેતુ કાર્યક્રમમાં સવારના ૯ થી ૨ કલાક દરમિયાન નાગરિકોની અરજીઓ સ્વીકારવામાં આવશે, ત્યારબાદ અરજીઓના નિરાકરણ માટે કામગીરી કરવામાં આવશે. નાગરિકોએ અરજીની સાથે આવશ્યક સાધનિક કાગળો જોડવા.

આ કાર્યક્રમમાં આવક-જાતિના દાખલા, રેશનકાર્ડ સંબંધિત કામગીરી, આધારકાર્ડ, જન્મ મરણના પ્રમાણપત્ર, ગંગા સ્વરુપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ - વય વંદના, પીએમ સ્વનિધિ યોજના, વગેરે યોજના ઉપરાંત નવી વારસાઈ અરજીઓ સહિતની સેવાઓનો લોકો લાભ મેળવી શકશે. હેલ્થ ચેકઅપનું પણ આયોજન છે.

# બગસરા શહેરમાં આજે આરોગ્ય મેળો યોજાશે

બગસરા,તા.૨૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિશન એવા આયુષ્યમાન ભારત અંતર્ગત જનસમુદાયને ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ મળી રહે તથા ગંભીર પ્રકારના રોગોનું તત્કાલ નિદાન અને સારવાર થઈ શકે તે હેતુથી બગસરા પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં શાંતાબા મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલના તજજ્ઞ ડોક્ટરો દ્વારા ગુરુવારે હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળાનો બહોળી સંખ્યામાં લોકો લાભ લે તેવી બગસરા હોસ્પિટલ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

# લાઠી શહેર કોંગ્રેસ દ્વારા નગરપાલિકા ચૂંટણી અંગે આજે બેઠક યોજાશે

લાઠી,તા.૨૫

આગામી નગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને લાઠી શહેર કોંગ્રેસ દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક આવતીકાલે તા. ૨૬/૯/૨૦૨૪ને ગુરુવારે સવારે ૧૦:૦૦ કલાકે સર્કિટ હાઉસ, લાઠી ખાતે યોજાશે. બેઠકમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવોમાં લાઠી નગરપાલિકાના ચૂંટણી પ્રભારી પ્રવીણભાઈ રાઠોડ, ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, અમરેલી કોંગ્રેસ જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, માજી ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ આંબાભાઈ કાકડિયાનો સમાવેશ થાય છે. લાઠી શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ગોયાણીએ જણાવ્યું હતું કે આ મહત્વપૂર્ણ બેઠકમાં લાઠીના તમામ કોંગ્રેસ કાર્યકર્તાઓએ અચૂક હાજરી આપવી.

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

# સાવરકુંડલા કે.કે. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીએ શાળાનું ગૌરવ વધાર્યું

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા શ્રી કે.કે ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી ભાઈઓ - બહેનોએ જિલ્લા કક્ષાએ યોજાયેલ યુવા ઉત્સવમાં ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૧૧ કોમર્સમાં ભણતી વિદ્યાર્થિની જમોડ નિશાએ ભરતનાટયમ નૃત્યમાં જિલ્લા



કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

## અવસાન નોંધ

**ભાવનગર**

મ. મેહમુદભાઈ એહમદભાઈ શેખ (નિ.ગર્વમેન્ટ પ્રેસ)ના ઔરત જૈબુનભાઈ મહેમુબભાઈ શેખ (ઉ.વ.૯૨) તા.૨૪/૯ને મંગળવાર ઈન્તેકાલ થયેલ છે. તે હાજી મહંમદશફીભાઈ શેખ (નિ.ગર્વમેન્ટ પ્રેસ), મુસ્તાકભાઈ શેખ (રોનક પાનવાળા), મહંમદજહીર શેખાના વાલીદા, અયુબખાન ફતેહખાન જીદ્રાણીના સાસુ, મ.મજીદખાન, ઉસ્માનખાન પઠાણ (નિ.ગર્વમેન્ટ પ્રેસ) ખાન હોટલવાળા સાંઢીયાવાડ મેહમુદખાન ઉસ્માનખાન (નિ. એસ.ડી.) મ.અબ્દુલ રજીકખાન ઉસ્માનખાન (ખાનસાહેબ ચા વાળા) ના બેન થયા. તેમની જીયારત તા. ૨૫/૯ને બુધવાર સવારે ૮:૩૦ કલાકે કાગદીવાડ મરકજ, ઔરત માટેની બેઠી જીયારત સવારે ૧૦ કલાકે મહેફીલ મોહબ્બ સીપાઈ જમાત ખાના હોલ સાંઢીવાડ, ભાવનગર રાખેલ છે.

KAKA PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
ROOF TOUCH SHEETS

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# લાઠી તાલુકામાં રૂ. ૧૦ કરોડ ૨૦ લાખના ખર્ચે નવા ડામર રોડ મંજૂર કરવામાં આવ્યા



લાઠી, તા.૨૫

લાઠી બાબરા વિસ્તારમાં જનકભાઈ ચૂંટાઈ આવ્યા બાદ હંમેશા ગાંધીનગરથી વિકાસના કામોની સરવાણી ચાલુ રહી છે. તાજેતરમાં જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી જે અન્વયે લાઠી તાલુકાના જરખીયા કેરાળા રોડ સ્ટેટ હાઈ વે સુધી નવો ડામર રોડ રૂા.૩ કરોડ ૩૦ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. તેમજ હીરાણા- જુનવદર રોડ જિલ્લા હદ સુધી નવો ડામર રોડ રૂા.૩ કરોડ ૯૦ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. તેમજ ભાલવાવ -નાના ચારોડીયા જિલ્લા હદ સુધી નવો ડામર રોડ રૂા.૩ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. આમ લાઠી વિસ્તારમાં અંદાજે રૂ. ૧૦ કરોડ ૨૦ લાખના નવા ડામર રોડ બનાવવાના કામો મંજૂર કરવામાં આવેલ છે. આ તમામ નવા પાકા ડામર રોડના કામો મંજૂર થતા સ્થાનિક લોકો દ્વારા ખુશીની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર માન્યો હતો.

# આજે બગસરા સ્વામિનારાયણ મંદિરમાં નવાજૂની થવાના એંધાણ



બગસરા, તા.૨૫

બગસરા સ્વામિનારાયણ મંદિરમાં આજે યોજાનારા શ્રાદ્ધ પર્વને લઈને તણાવની સ્થિતિ સર્જાઈ છે. મંદિર ટ્રસ્ટે એક નોટિસ જાહેર કરી છે જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ગુરુ લક્ષ્મીપ્રસાદ દાસજીના કાર્યક્રમમાં જ હરિભક્તોએ જોડાવાનું છે અને અન્ય કોઈ સંત દ્વારા મંદિરમાં સભા યોજવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ નોટિસથી વિવાદ સર્જાયો છે કારણ કે વિવેક સ્વરૂપદાસજી સ્વામી દ્વારા પણ આજે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી તેઓ મંદિરમાં કથા પારાયણ કરતા આવ્યા છે. બંને સંતોના અનુયાયીઓ આજે મંદિર પરિસરમાં એકત્ર થવાના હોવાથી નવાજૂનીની આશંકા સેવાઈ રહી છે. વધુમાં, મંદિર પરિસરમાં સ્થિત મહિલા સ્વામિનારાયણ મંદિર દ્વારા પણ કોઈ કાર્યક્રમનું આયોજન થાય તો પરિસ્થિતિ વધુ વણસવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ મંદિરમાં તણાવ સર્જાયો હતો, જેના કારણે ટ્રસ્ટે ૧૫ દિવસ માટે સાંજની આરતી દરમિયાન પોલીસ રક્ષણની માંગણી કરી હતી.

# અમરેલીમાં ઉછીના લીધેલા પૈસા મુદ્દે યુવકને ઢીકાપાટુ માર્યા

**યુવકનો મોબાઇલ પણ લઇ લીધો**

અમરેલી, તા.૨૫

અમરેલીમાં રહેતા અને સેલ્સમેન તરીકે નોકરી કરતાં એક યુવકે ઉછીના પૈસા લીધા હતા. જે અંગે ફરિયાદ કરી હતી. જેનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ મોબાઈલ ફોન લઈ લીધો હતો. બનાવ અંગે હરેશભાઈ ગીજુભાઈ ત્રિવેદી (ઉ.વ.૩૮)એ શૈલેષભાઈ ઉકાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈએ તહોમતદાર પાસેથી પૈસા ઉછીના લીધા હતા. જે અંગે તેમણે તહોમતદાર સામે જૂનાગઢ ફરિયાદ નોંધાવી હતી. જેનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ મોબાઈલ પણ લઈ લીધો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં મહિલા કોલેજમાં સ્વરોજગાર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં સ્વદેશી જાગરણ મંચ દ્વારા સ્વરોજગાર વિષયક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે મનોહરજી અગ્રવાલે "વર્તમાન સમયમાં સ્વાવલંબનની આવશ્યકતા" વિષય પર પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. અગ્રવાલે



વિદ્યાર્થિનીઓને સરકારી નોકરીની માનસિકતામાંથી બહાર આવી સ્વરોજગાર તરફ વળવા માટે પ્રોત્સાહિત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સિપાલ ડી.એલ. ચાવડાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું, જ્યારે પ્રા. છાયાબેન શાહે મહેમાનોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં બાઢડા હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય હિતેશભાઈ નિમ્બાર્ક અને સાવરકુંડલા તાલુકા કેળવણી નિરીક્ષક ભાવેશભાઈ બોરીસાગર વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રા. ડૉ. પ્રતિમાબેન શુક્લએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજની વિદ્યાર્થિનીઓ અને સ્ટાફનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

# કુબડા ગામે 'તારો હવાલો મળ્યો છે, બે દિવસમાં ૧૦ લાખ આપી દેજે' કહી જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૨૫

ધારીના કુબડા ગામે એક ખેડૂતના ઘરમાં ત્રણ અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી ખેડૂતને ધમકી આપી હતી. ઉપરાંત બળજબરીપૂર્વક દોઢ લાખ રૂપિયા કઢાવી લીધા હતા. બનાવ અંગે દલસુખભાઈ પોપટભાઈ કોટડીયા (ઉ.વ.૬૨)એ શૈલેષ ચાંદુ (દોલતી) તથા બે અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓ તેમના રહેણાંક મકાનમાં ઘૂસી ગયા હતા અને ગાળો આપી 'તારો હવાલો મળ્યો છે, બે દિવસમાં ૧૦ લાખ રૂપિયા તથા બાકી એક મહિનામાં ૫ કરોડ રૂપિયા આપી દેજે' તેમ કહી તેમને તથા તેના પરિવારને જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત બળજબરીપૂર્વક દોઢ લાખ રૂપિયા કઢાવી લીધા હતા. ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ એ.એમ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં વિચરતી વિમુક્ત જાતિની સગર્ભા મહિલાઓને સુખડી વિતરણ કરવામાં આવી



તસવીર : હાર્દિક બામટા

બગસરા તા.૨૫

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા સ્લમ વિસ્તારમાં ચાલતાં સાત બાળ સંસ્કાર કેન્દ્રના વિચરતી અને વિમુક્ત જાતિના ગરીબ પરિવારની ૨૫ સગર્ભા સ્ત્રીઓને સુખડી વિતરણ કરવામાં આવી હતી. નવસારીના ઈશ્વરભાઈ રાજાણીના આર્થિક સહયોગથી સિનિયર સિટીઝન પરિવારના મંત્રી નંદલાલભાઈ બામટા અને બાળ કેળવણી મંદિરના નિયામક ભારતીબેન ધાંધીયાના હસ્તે સુખડી વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સગર્ભા સ્ત્રીઓને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# અમરેલીના ખેડૂતોની પીડા : અપૂરતા વીજ પુરવઠાથી પાક સુકાવાનો ભય ફેલાયો

**પુરતી વીજળી આપવા ભારતીય કિસાન સંઘે માંગ કરી**

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે અનિયમિત વરસાદને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ પરિસ્થિતિમાં પૂરતો વીજ પુરવઠો ન મળતા ખેડૂતોની મુશ્કેલીઓ વધી છે. ભારતીય કિસાન સંઘે આ અંગે જિલ્લા અધિક્ષક પીજીવીસીએલ અમરેલીને લેખિત રજૂઆત કરી છે. સંઘના પૂર્વ પ્રદેશ મંત્રી સામતભાઈ એસ. જેબલીયાએ જણાવ્યું કે, લીલીયા તાલુકા સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો મળી રહ્યો નથી. લો વોલ્ટેજ અને વારંવાર પાવર કટને કારણે ખેડૂતોનો ઉભો પાક સુકાઈ રહ્યો છે. સંઘના જણાવ્યા મુજબ, લીલીયા સબ સ્ટેશનમાં એક સાથે તાલુકાના દરેક ફીડરોની મોટરો શરૂ થતાં સબ સ્ટેશન ટ્રીપ થઈ જાય છે. આને કારણે ખેડૂતોને ખેતીવાડી માટે જરૂરી વીજળી મળી રહી નથી.

કિસાન સંઘે તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું નિરાકરણ લાવવા અને ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો પૂરો પાડવાની માંગ કરી છે.

# લીલીયાના કાંકચ ગામેથી હાથબત્તીના અજવાળે પત્તા ટીચતાં ૩ ઝડપાયા

લીલીયા, તા.૨૫

લીલીયાના કાંકચ ગામે ધકાણ પરિવારની વાડીની પાછળ જાહેરમાં હાથબત્તીના અજવાળે તીનપત્તીનો જુગાર રમતાં ત્રણ ઈસમો ઝડપાયા હતા. પોલીસે વિપુલભાઈ સોમાભાઈ હેલૈયા, જયેશભાઈ ગોવિંદભાઈ હેલૈયા તથા હરેશભાઈ ભીમજીભાઈ હેલૈયાને હાથબત્તીના અજવાળે ગંજીપત્તા વડે પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૨૦૪૦, હાથબત્તી મળી કુલ ૨૧૪૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: નોમ
તા. ૨૬-૦૯-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૧૧, સૂર્યાસ્ત-૦૬:૧૨, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૨૬-૦૯-૨૦૨૪ ગુરૂવાર

મેષ: આજનો દિવસ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. સંતાન તરફથી તમને સંપૂર્ણ આનંદ અને સહયોગ મળશે.

વૃષભ: આજે દરેક બાબતમાં તમારે થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો.

મિથુન: આજનો દિવસ શુભ દિવસ છે અને આજે કરેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. કોઈ પણ કાર્ય કાળજીથી કરો.

કર્ક: આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે.

સિંહ: આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે.

કન્યા: આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે. પૈસા મળવાથી ભંડોળ વધશે અને રોજગાર મેળવતા લોકોના હક વધશે.

તુલા: આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે.

વૃશ્ચિક: આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે.

ધન: આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે.

મકર: આજના દિવસે તમને કોઈ સારા સમાચાર મળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે.

મીન: આજે પૈસા વધુ ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે અને ભવિષ્ય માટે કેટલાક પૈસા બચાવવાની જરૂર છે.

# બાઈકચોરોનો આતંક : અમરેલી શહેરમાંથી ૨ સહિત જિલ્લામાંથી કુલ ૪ મોટર સાયકલની ચોરી

**એસ.ટી. ડ્રાઇવરની મોટર સાયકલ પણ ચોરાઇ**

અમરેલી, તા.૨૫

અમરેલી શહેરમાંથી ૨ સહિત જિલ્લામાંથી કુલ ૪ મોટર સાયકલની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. અમરેલીમાં રહેતા ભાર્ગવભાઈ ગોરધનભાઈ ગોહીલ (ઉ.વ.૫૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ૧૫ હજારની કિંમતનું મોટર સાયકલ અમરેલી એસટી સ્ટેશન બહાર જીઈબીના ટીસી પાસેથી અજાણ્યો શખ્સ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. અમરેલીમાં રહેતા અને એસ. ટી. ડ્રાઈવર તરીકે નોકરી કરતા યુવરાજભાઈ ભાનુશંકરભાઈ તેરૈયા (ઉ.વ.૩૭)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ૧૫ હજારની કિંમતના મોટર સાયકલની અજાણ્યો ચોર ઈસમ એસ.ટી. બસ સ્ટેન્ડ પૂછપરછ બારી પાસેથી ચોરી કરીને લઈ ગયો હતો. બંને કેસની તપાસ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા કરી રહ્યા છે. મૂળ રાજુલાના પટવા ગામે રહેતા જીવાભાઈ ગીગાભાઈ મકવાણા (ઉ.વ.૫૫)એ ઘાંડલા ગામે ઉકાભાઈ જીવાભાઈ પરડવાની વાડી ભાગવી રાખી હતી. વાડીએ મકાનની સામે રસ્તા પર તેમણે ૩૫ હજારની કિંમતનું મોટર સાયકલ પાર્ક કર્યું હતું. જેની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે. ખાંભાના ભગવતીપરામાં પાર્થ હોટલ પાસે રહેતા અજયભાઈ શંભુભાઈ જીંજુવાડીયા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેમણે ૫૦ હજારની કિંમતનું તેમનું મોટર સાયકલ બહાર શેરીમાં પાર્ક કર્યું હતું. રાત્રે વાડીએ જવા તેઓ ઘરની બહાર નીકળ્યા ત્યારે મોટર સાયકલ મળ્યું નહોતું.

# અમરેલીમાં સોશિયલ મીડિયાથી ફ્રેન્ડશીપ બાદ સગીરાની છેડતી કરી

અમરેલી, તા.૨૫

અમરેલીમાં રહેતી એક સગીરા સાથે ગાવડકા ગામના યુવકે સોશિયલ મીડિયાથી ફ્રેન્ડશીપ કરી હતી. જે બાદ તેને લગ્નની લાલચ આપી અપહરણ કરી રોમાન્સ, ચુંબન અને છેડતી કરી હતી તથા તેના મેરેજ કરાવવા અન્ય લોકોએ કહ્યું હતું. બનાવ અંગે સગીરાએ ગાવડકા ગામે રહેતા સાહીલ અલ્તાફભાઈ સુરા, અમરેલીમાં રહેતા સાહીલના મિત્ર અલ્ફેઝ તથા માહીર તેમજ ગાવડકા ગામે રહેતા ફૈઝલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેને સાહીલ સાથે સોશિયલ મીડિયા મારફતે ફ્રેન્ડશીપ થઈ હતી. તેણીને લગ્નની લાલચ આપી અપહરણ કરી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ રોમાન્સ, ચુંબન તથા શારીરિક છેડતી કરી હતી. તેમજ અન્ય આરોપીઓએ સાહીલ સાથે તેના લગ્ન કરાવવાનું કહ્યું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એલ. ખટાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**દારૂ પીવાની ના પાડવા મુદ્દે દંપતીમાં ડખો**

# અમરેલીમાં હેવાન બનેલા પતિએ પત્નીને મારી નાખવાના ઈરાદે કટર ફેરવ્યું

**જૂનાગઢ રહેતા પતિએ અમરેલી આવીને જાનથી મારવાની ધમકી પણ આપી**

અમરેલી, તા.૨૫

અમરેલીમાં રહેતી એક યુવતીના લગ્ન જૂનાગઢના યુવક સાથે થયા હતા. યુવક દારૂ પીવાની ટેવ ધરાવતો હોવાથી પત્નીએ તેને ના પાડી હતી. આ દરમિયાન પત્ની અમરેલી આવતી રહી હતી અને ખાનગી હોસ્પિટલમાં નોકરી શરૂ કરી હતી. પતિએ તેને હોસ્પિટલ બહાર બોલાવી મારી નાખવાના ઈરાદે તેની પાસે રહેલું કટર ગળાના ભાગે મારવા જતાં તેની ડોક ત્રાંસી થઈ ગઈ હતી જેથી કાનના નીચેના ભાગે કટર વાગ્યું હતું. બીજો ઘા મારવા જતાં તેણીએ કટર પકડી લીધું હતું અને જતા જતા તેણે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે જ્યોતિકાબેન હિતેષભાઈ જેઠવા (ઉ.વ.૩૫)એ જૂનાગઢ ગોઠાણી પાટી, અમરાબાપુની ડેલી પાસે રહેતા પતિ હિતેષભાઈ ભગવાનભાઈ જેઠવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિને દારૂ પીવાની ટેવ હોવાથી તેમણે દારૂ પીવાની ના પાડી હતી. જેથી સારું નહોતું લાગ્યું અને તેઓ અમરેલીમાં ખાનગી હોસ્પિટલમાં નોકરીએ ગયા હતા ત્યાં તેમને હોસ્પિટલ બહાર બોલાવી હતી. તેને જાનથી મારી નાખવાના ઈરાદે તેની પાસે રહેલું કટર ગળાના વચ્ચેના ભાગે મારવા જતાં ડોક ત્રાંસી થઈ ગઈ હતી. જેના કારણે ડાબા કાનના નીચેના ભાગે કટર વાગ્યું હતું અને બીજો ઘા મારવા જતાં તેમણે પકડી લેતાં હાથમાં ઈજા પહોંચી હતી. જે બાદ પતિએ જતા જતા તેના બંને દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે.ઓડેદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલાના નાની ગરમલી ગામે ઝેરી પદાર્થ ખાતાં પ્રૌઢાનું મોત

ચલાલા, તા.૨૫

ચલાલાના નાની ગરમલી ગામે છાતીમાં દુઃખાવો થતાં ઝેરી પદાર્થ ખાવાથી મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું મોત થયું હતું.

બનાવ અંગે જીવકુભાઈ બાબુભાઈ વાળા (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમના બા વલુબેન બાબુભાઈ વાળા (ઉ.વ.૬૫)ને મોડી રાત્રે છાતીમાં દુઃખાવો થતાં કોઈ ઝેરી પદાર્થ ખાઈ જતાં સારવારમાં લઈ જવાયા હતા જ્યાં મરણ પામ્યા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# અનિયંત્રિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટના માની ન શકાય તેવા જોખમો માનવજાતની સામે આવી રહ્યા છે. ત્યારે યુનાઈટેડ નેશન્સ દ્વારા તેને કંટ્રોલ કરવા માટે ઝડપી પગલા ભરવામાં આવી રહ્યા છે. આમ કરવામાં નહીં આવે તો રોબોટિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ માનવજાત માટે અતિશય જોખમી પુરવાર થાય તેમ હોવાથી આ બાબતમાં યુનાઈટેડ નેશન્સ સક્રિય બની ચૂક્યું છે.

યુએન "AI" ને બે-લગામ ઘોડો બનવા દેશે નહીં, નિયંત્રણ માટે ૩૯ સભ્યોનું આંતરરાષ્ટ્રીય બોર્ડ બનાવ્યું છે. યુનાઈટેડ નેશન્સ પહેલાથી જ એઆઈના ફાયદાઓ તેમજ તેનાથી વિશ્વ માટે ઉભા થયેલા જોખમોને સમજાવી ચૂક્યું છે. આથી યુએનએ તેના પર અંકુશ લાવવા માટે એક યોજના બનાવી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જો છૂટું છોડી દેવામાં આવે તો તે બે-લગામ ઘોડો સાબિત થઈ શકે છે, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર આવું થવા દેશે નહીં. યુએન સેક્રેટરી-જનરલનું સલાહકાર બોર્ડ એઆઈને નિયંત્રિત કરવાની યોજના ધરાવે છે. આ માટે ૩૯ સભ્યોના આંતરરાષ્ટ્રીય બોર્ડની રચના કરવામાં આવી છે. UN એ માનવતા માટે AI નો ઉપયોગ કરવા પર તેનો અંતિમ અહેવાલ બહાર પાડ્યો છે. રિપોર્ટમાં AI સંબંધિત જોખમોનો સામનો કરવા માટે એક બ્લુપ્રિન્ટ રજૂ કરવામાં આવી છે. તે તમામ સરકારો અને હિતધારકોને એઆઈના નિયમનમાં સાથે મળીને કામ કરવા માટે પણ કહે છે, જેથી તમામ માનવ અધિકારોના વિકાસ અને સંરક્ષણને પ્રોત્સાહન મળે. આ અહેવાલ એઆઈ માટે આગળનું એક સકારાત્મક પગલું હોવાનું જણાય છે, જે વિકાસને પ્રોત્સાહિત કરે છે જ્યારે સંભવિત મુશ્કેલીઓને પણ ઘટાડે છે. જો કે, અહેવાલની ઝીણી વિગતો ઘણી ચિંતાઓ દર્શાવે છે. AI પર UN સલાહકાર બોર્ડની પ્રથમ બેઠક ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય કામગીરીની ભલામણ કરવામાં આવે છે. આ સમિતિનો હેતુ એઆઈના આંતરરાષ્ટ્રીય શાસન માટે ભલામણો રજૂ કરવાનો છે. તે કહે છે કે આ અભિગમ એઆઈના ફાયદાઓને સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે, જેમ કે વૈજ્ઞાનિક તપાસના નવા ક્ષેત્રો ખોલવા, આ ટેક્નોલોજીના જોખમો, જેમ કે સામૂહિક દેખરેખ અને ખોટી માહિતીનો ફેલાવો દ્વારા ઘટાડવામાં આવે છે. સલાહકાર બોર્ડમાં વિવિધ ક્ષેત્રો અને વ્યાવસાયિક ક્ષેત્રોના ૩૯ સભ્યો હોય છે. તેમાં **Microsoft, Mozilla, Sony, Collinear AI** અને **Open** ના ઉદ્યોગ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ સમિતિ યુનાઈટેડ નેશન્સ ઈન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ની યાદ અપાવે છે જેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ક્લાઈમેટ ચેન્જ વાટાઘાટોમાં મહત્વપૂર્ણ ઈનપુટ પ્રદાન કરવાનો છે. સલાહકાર બોર્ડમાં અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આના કેટલાક ફાયદા હોઈ શકે છે, જેમ કે AI ટેક્નોલોજીની વધુ માહિતગાર સમજ. પરંતુ તેના કેટલાક ગેરફાયદા પણ હોઈ શકે છે, જેમ કે વ્યવસાયિક હિતોની તરફેણમાં પક્ષપાતી અભિગમ. ગવર્નિંગ ફોર હ્યુમીનિટી પર તાજેતરમાં બહાર પાડવામાં આવેલ અહેવાલમાં આ સમિતિ પાસેથી આપણે શું અપેક્ષા રાખી શકીએ તે વિશે મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરે છે.

# વિશ્વભરમાં વધતી જતી અશાંતિની આગના મૂળમાં છે સત્તા લાલસા



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દુનિયાભરમાં અશાંતિનું વાતાવરણ ફેલાયેલું છે. અડધો ડઝન જેટલા દેશોમાં ભયાનક યુદ્ધ ચાલી રહ્યા છે. હજારો માનવી મરી રહ્યા છે. બીજા અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થઈને રિબાઈ રહ્યા છે. અગણિત માસુમ બાળકોએ પોતાના મા બાપ ગુમાવ્યા છે. ચારે બાજુ ભયનો માહોલ છે, અશાંતિ છે. તો ભારત જેવા શાંતિપ્રિય દેશમાં અશાંતિનું વાતાવરણ ઊભું કરનારાઓનો ઉપદ્રવ વધતો જાય છે. સેવા અને સંસ્કાર ધામ ગણાતા આપણા મંદિરોના વિવાદો વધતા જાય છે. આ બધું ક્યાંથી અટકશે ? તે કહેવું મુશ્કેલ છે પરંતુ એટલું ચોક્કસ છે કે ભગવાન બુદ્ધે કહ્યું છે કે "તું તારો દીપક થા" મતલબ કે માનવીએ પોતાની જાતથી જે સારી વસ્તુ થઈ શકે તે કરવી જોઈએ. બીજુ કંઈ નહીં તો પણ પોતાના વિચારોને પોઝિટિવ બનાવીને એક સારા વાતાવરણનું સર્જન કરી શકે. આજે આપણા દેશમાં રાષ્ટ્રને તોડનારા અનેક પરિબળો સક્રિય થઈ ચૂક્યા છે. દેશને અનેક ટુકડાઓમાં વિભાજિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. એની સામે રાષ્ટ્રને અખંડ રાખવાના પ્રયાસો પણ ચાલુ જ છે. સમાજમાં વિભાજનકારી તત્વો ખૂબ જ સક્રિય થઈ રહ્યા છે. ધર્મસ્થાનોમાં પ્રસાદને નામે જે થઈ રહ્યું છે તેના મૂળમાં રાષ્ટ્રવિરોધી રાજસત્તા કેન્દ્રસ્થાને છે. આથી જ વિશ્વ હિન્દુ પરિષદે બે દિવસ પહેલા જાહેર કર્યું કે ધર્મસ્થાનોનો વહીવટ જે તે ધર્મના સંતો મહંતો અને તેના રક્ષકોને આપવો જોઈએ જેથી લોકોની ધાર્મિક સદભાવનાઓનું જતન થઈ શકે. જે રાજ સત્તા ધર્મ વિરોધી જ છે તે લોકો સમાજને તોડવાનું કામ કરી રહ્યા છે. સમાજમાં વિવાદો ઉભા કરી રહ્યા છે. ધર્મ અને સંપ્રદાયો વચ્ચે ખટરાગ ઉભો કરીને એક અશાંતિનું સર્જન કરી રહ્યા છે. આ અશાંતિ વ્યક્તિ સુધી હોય તો તે ઝાઝું નુકસાન નથી કરતી પરંતુ આ અશાંતિ સામાજિક અશાંતિમાં પરિવર્તિત થાય છે ત્યારે તે અત્યંત જોખમી બની જાય છે. આજે આ કોલાહલમાં માનવી જીવી રહ્યો છે. માનવીના જીવનમાં અશાંતિ છે. આ ભીતરની અશાંતિના મૂળમાં છે અહમનો અંધકાર. જ્યારે કોઈ મોટા રાષ્ટ્રના નેતા પોતાને સર્વ સત્તાધીશ માને અને પોતાના અહંકારને પોષવા માટે યુદ્ધ કરે અને વિનાશક વાતાવરણનું સર્જન કરે તો તેના મૂળમાં તેનો અહંકાર છે. આ અહંકાર વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્ર લેવલે અને આંતરરાષ્ટ્રીય લેવલે સૌથી મોટી અશાંતિનું સર્જન બને છે. આત્મશુદ્ધિ કે અંતરશુદ્ધિમાં સૌથી મોટો અવરોધ છે, અહમ. આ ઘણી મોટી સમસ્યા છે. માણસે કેટલુંક ઉપાર્જિત કરેલું હોય છે. ન જાણે તેણે કેટલીય ખોટી ટેવો, ખોટાં સંસ્કારો ઉપાર્જિત કર્યા છે પરંતુ માણસ તેનું પ્રાયશ્ચિત કરવા નથી ઈચ્છતો, તેની શુદ્ધિ, પરિમાર્જન અને પરિષ્કાર કરવા નથી ચાહતો. આ બધું તે એટલા માટે નથી ઈચ્છતો કે અહમ તેમાં અવરોધક બની બેઠો છે. 'મેં જ આ કર્યું અને હું જ હવે એમ કહું તે બરાબર સારું નથી કર્યું, તે નહિં બની શકે.' અહમની એક ગ્રંથી બની જાય છે તેની શુદ્ધિ નથી થતી, પ્રાયશ્ચિત નથી થતું. એવો માણસ દુષ્કૃત્યનો વિરોધ નથી કરી શકતો, સુકૃત્યની અનુમોદતા નથી કરી શકતો અને અધ્યાત્મના શરણે નથી જઈ શકતો. જે અધ્યાત્મના આત્માના શરણમાં નથી જઈ શકતો તે પ્રાયશ્ચિત નથી કરી શકતો. અહમનો સૌથી મોટો અવરોધ એમાં છે. જે અહંભાવથી પીડિત છે તે વિનમ્ર નથી બની શકતો. બીજાઓને તે સહકાર નથી આપી શકતો, સંયમનો પણ સાથ નથી કરી શકતો. તેને ડગલે ને પગલે અહમ સતાવે છે. વ્યક્તિગત રીતે વિચારીએ તો વ્યક્તિ એ સમાજ અને રાષ્ટ્રનું એક અંગ છે. વ્યક્તિ જો શાંત બનશે તો તે સુખી થશે, વ્યક્તિ જો પોઝિટિવ બનશે તો સમાજમાં સારા વિચારો અને સદભાવનાઓનું જતન થશે. આ માટે જરૂરી છે વ્યક્તિગત શાંતિ. વ્યક્તિ શાંતિ ત્યારે જ અનુભવી શકે જ્યારે તેનામાં સાચી સમજ પ્રગટે અને સાચી સમજ પ્રગટે તે માટે મેડીટેશન એટલે કે ધ્યાન જરૂરી છે. યોગ અને મેડીટેશન સર્વ વ્યાપક છે. તેને માટે ધર્મ કે સંપ્રદાયોની કોઈ સીમાઓ નડતી નથી. દુનિયાનો કોઈ પણ વ્યક્તિ યોગ અને મેડીટેશન કરી શકે છે. અને તે દ્વારા તે સાચી સમજ અને સુખ મેળવી શકે છે. વ્યક્તિ જો સાચું સુખ અને સમજ મેળવે તો સમાજમાં અને રાષ્ટ્રમાં શાંતિની સ્થાપના થઈ શકે. તમામ પ્રશ્નોના મૂળમાં આ વસ્તુ રહેલી છે. દુનિયાનો દરેક માનવી સુખ મેળવવા ઝંખે છે, આનંદ અને શાંતિ મેળવવા ઝંખે છે. માત્ર માનવી જ નહીં જીવ માત્ર પોતાનો બચાવ કરવા માટે ઝઝૂમે છે. સલામતી માટે પ્રયાસો કરે છે. જીવનું જતન કરીને આનંદમય જિંદગી જીવવા માટે તે અવિરત પ્રયાસો કરે છે. સુખ મેળવવા માટે તે વધુ ને વધુ સંપત્તિ મેળવવા માટે પ્રયાસો કરે છે. અપાર સંપત્તિ મેળવ્યા પછી પણ માનવી શા માટે દુ:ખી છે? શા માટે તેના મનમાં અસંતોષના વાદળો છવાયેલા છે? આ પ્રશ્ન આજકાલનો નથી. આ યક્ષ પ્રશ્ન છે. વાસ્તવમાં આ પ્રશ્નનું સમાધાન બાહ્ય સફળતાઓ કે સંસારમાં નથી. તેનું સમાધાન માણસની અંદર રહેલું છે. સમૃદ્ધિ, રૂપ, પાંડિત્ય, વિદ્વત્તા, પદ વગેરેનું અભિમાન એક દીવાલ બનીને આપણને જીવનના સાચા સ્વરૂપથી દૂર રાખે છે. અભિમાન તથા અહંકાર ભલે રૂપ, ગુણ કે વસ્તુના હોય, પરંતુ તે મનુષ્યને સાચા સુખ તથા આનંદથી વંચિત રાખે છે. જે દંભની દીવાલોમાં કેદ થયેલો હોય તેને સંતોષ ક્યાંથી મળે ? જ્યારે ધનવાન પોતાના ધનનું અભિમાન છોડીને દરિદ્ર લોકો પ્રત્યે સહાનુભૂતિ રાખે, શિક્ષિત તથા પંડિતો જ્યારે માનવતા અપનાવશે, ઉચ્ચ પદ પર બેઠેલા લોકો જ્યારે જનતા જનાર્દનની સેવા કરશે ત્યારે તેમનો અહંભાવ સહજ રીતે જ નષ્ટ થઈ જશે. પછી તેમને જીવનના મહત્ત્વપૂર્ણ પ્રશ્નનું સમાધાન મળી જશે. હૃદયને વિશાળ અને ઉદાર બનાવવાથી જ જીવનનું સાચું સુખ મળી શકે છે. માનવ-માનવ વચ્ચેના સંઘર્ષનું કારણ ગરીબી, અભાવ વગેરે નથી, પરંતુ તારા-મારાની ભાવના છે. પોતાનો લાભ, પોતાની સમૃદ્ધિ વગેરે તો બધાને પ્રિય લાગે છે, પરંતુ બીજા લોકો માટે એવો ભાવ જાગતો નથી. બીજાને નુકસાન થાય, અપમાન થાય કે તેનું કોઈ સ્વજન મૃત્યુ પામે તો આપણને એમાં રસ હોતો નથી. બધા લોકો બીજા પાસેથી જેટલો લાભ લઈ શકાય તેટલો મેળવવા માટે પ્રયત્નશીલ હોય છે. આ વ્યાપક સમસ્યાનું પણ એક સમાધાન છે. - આપણા હૃદયને 'તારા-મારા'ની સંકુચિતતામાંથી બહાર કાઢીને સમગ્રની સાથે જોડવું જોઈએ. આ વ્યાવહારિક માર્ગનું પહેલું સૂત્ર છે - સહ અસ્તિત્વની ભાવના. ત્યાર પછી બીજું સૂત્ર છે - બીજાઓને જીવવા માટે મારે પણ તેમને કંઈક મદદ કરવી જોઈએ. આપણે પોતે જીવીએ અને બીજાઓને પણ જીવવા દઈએ. બધા એક સાથે બેસીને ખાય, પરંતુ જો આપણું અંતઃકરણ નિર્મળ, પવિત્ર અને ઉદાર હોય તો જ આ શક્ય છે.

**માનવીના મનનો અહંકાર જ્યારે હદ બહાર વધી જાય છે ત્યારે તે પોતાની જાતને સર્વેસર્વા માનવા લાગે છે અને સરહદોનો વિસ્તાર વધારવા ભયાનક યુદ્ધ કરે છે અને સર્જાય છે વિશ્વની અંદર અશાંતિનું સામ્રાજ્ય. આનો ઉકેલ શું?**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૪૧ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૭૪૧ | ૮૨૬ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૯૯ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૦૦ |
| બાજરી | ૩૮૦ | ૪૫૦ |
| તુવેર | ૧૬૫૦ | ૨૦૭૦ |
| ચણા પીળા | ૧૩૧૦ | ૧૪૬૦ |
| ચણા સફેદ | ૨૧૫૦ | ૨૯૮૦ |
| અડદ | ૧૩૬૦ | ૧૮૨૦ |
| મગ | ૧૩૭૫ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૧૩૦૦ | ૨૦૭૫ |
| વટાણા | ૩૦૬૦ | ૩૦૬૦ |
| સીંગદાણા | ૧૪૪૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૯૪ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૪૩૭ |
| તલી | ૨૦૦૦ | ૨૬૦૦ |
| એરંડા | ૧૧૯૧ | ૧૨૩૭ |
| સુવા | ૧૨૫૧ | ૧૬૯૨ |
| સોયાબીન | ૮૮૦ | ૯૦૫ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૬૯૦ |
| લસણ | ૩૨૩૧ | ૫૦૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ધાણી | ૧૨૨૧ | ૧૬૮૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૪૫૭૫ | ૫૦૩૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૬૪ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૭ |
| રજકાનું બી | ૪૫૦૦ | ૫૨૨૫ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦૦ | ૨૫૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૨૫ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૯૮૦ |
| ટમેટા | ૭૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| મૂળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૨૦ | ૪૩૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૩૦ | ૨૫૦ |
| કારેલા | ૩૫૦ | ૬૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૫૦૦ |
| પરવળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૨૦ | ૫૩૦ |
| ગાજર | ૩૧૦ | ૫૨૦ |
| કંટોલા | ૮૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| બીટ | ૨૫૦ | ૪૩૦ |
| મેથી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૫૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૪૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૭૩૩ | ૧૧૩૦ |
| શિંગદાણા | ૧૦૨૫ | ૧૩૪૬ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૬૭૬ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૫૦ |
| તલ કાશ્મીરી | ૨૬૭૫ | ૩૩૭૬ |
| બાજરો | ૪૦૦ | ૫૦૯ |
| જુવાર | ૪૫૫ | ૮૦૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૭ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૬૧૬ |
| મગ | ૧૧૧૦ | ૧૬૬૫ |
| અડદ | ૧૨૯૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૨૮૦ | ૧૪૭૧ |
| કપાસ | ૯૭૨ | ૧૫૮૫ |
| એરંડા | ૯૬૨ | ૧૦૭૫ |
| જીરું | ૨૫૭૫ | ૪૨૩૦ |
| ધાણા | ૧૦૯૫ | ૧૧૭૫ |
| સોયાબીન | ૮૫૭ | ૯૦૦ |
| કાંગ | ૮૦૦ | ૮૦૦ |
| રજકાનું બી | ૨૯૦૦ | ૪૬૦૦ |
| **સાવરકુંડલા** | | |

| | | |
|---|---|---|
| શિંગ જીણી | ૧૦૫૧ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૧૨૫ |
| શિંગ નવી | ૬૫૧ | ૮૩૨ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૮૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૫૦૧ |
| બાજરો | ૪૪૨ | ૫૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૫૨૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૭૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૧ |
| જુવાર | ૪૮૩ | --- |
| ચણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૭૫૫ | ૮૬૧ |
| મેથી | ૮૩૦ | --- |
| ધાણા | ૧૧૩૦ | --- |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૨૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૩૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૪૦ |
| કરેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૪૦૦ | ૪૫૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૩૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૨૦ | ૩૩૦ |
| આદુ | ૮૨૦ | ૯૦૦ |
| કોથમીર | ૧૪૦૦ | ૨૨૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ફુદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૫૬૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૩૫૦ | ૪૪૦ |
| લસણ સૂકું | ૫૦૦૦ | ૬૦૦૦ |

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૬૩૦ | ૧૮૨૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૨ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૩ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૦૬ |
| મગફળી | ૬૦૦ | ૧૦૪૪ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૮૧ |
| ધાણા | ૧૦૦૦ | ૪૯૬૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૮ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૪૦ | ૧૬૨૧ |
| ઘઉં | ૪૪૫ | ૫૭૬ |
| તલ સફેદ | ૧૯૨૦ | ૧૬૨૫ |
| અડદ | ૧૨૯૦ | ૧૬૨૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૫ | ૧૪૮૬ |
| ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| મગફળી | ૮૫૧ | ૯૯૪ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ | ૨૪૫૧ | ૨૪૫૧ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| સોયાબીન | ૮૬૩ | ૮૬૩ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૭૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૨૫ |
| બાજરો | ૪૪૧ | ૫૩૪ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| જુવાર | ૫૩૦ | ૮૪૨ |
| સોયાબીન | ૮૧૦ | ૮૧૦ |
| અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૭૦ | ૧૪૮૧ |
| મગફળી | ૮૦૦ | ૮૦૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| ઘઉ | ૪૫૪ | ૫૧૧ |
| તલ સફેદ | ૨૩૫૧ | ૨૩૫૧ |
| બાજરો | ૩૪૧ | ૩૪૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૩ |
| ચણા | ૧૩૦૫ | ૧૩૮૫ |
| ધાણા | ૧૧૩૫ | ૧૨૨૫ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૫૪૯ |
| અડદ | ૧૧૭૦ | ૧૭૭૦ |
| તલ સફેદ | ૨૨૨૫ | ૨૪૯૦ |
| સોયાબીન | ૮૬૩ | ૮૬૫ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| અડદ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| મગફળી | ૬૦૦ | ૯૬૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૯૭ | ૭૭૮ |
| બાજરી | ૪૫૭ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૪૯ |
| અડદ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| મગ | ૮૬૦ | ૧૫૯૩ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૯૭ |
| તલ સફેદ | ૨૨૭૦ | ૨૬૪૭ |
| તલ કાળા | ૩૪૯૬ | ૩૪૯૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૯૦૬ |
| ડુંગળી સફેદ | ૩૦૬ | ૧૦૦૬ |
| નાળીયેર | ૪૨૩ | ૨૧૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૧૮ | ૧૧૪૫ |
| બાજરી | ૪૫૦ | ૫૦૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૯૮ |
| તલ | ૨૨૧૧ | ૨૬૦૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૪૬ |
| સોયાબીન | ૮૫૦ | ૯૧૪ |
| જુવાર | ૬૦૦ | ૮૩૯ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૩૬ | ૬૦૮ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૭૨ |
| સિંગદાણા જાડા | ૧૧૨૧ | ૧૩૨૧ |
| સિંગ ફાડીયા | ૯૨૬ | ૧૨૧૧ |
| એરંડા / એરંડી | ૧૨૦૧ | ૧૨૫૧ |
| તલ | ૨૦૫૦ | ૨૬૫૧ |
| ઈસબગુલ | ૧૨૦૦ | ૨૪૩૧ |
| ધાણા | ૧૦૫૧ | ૧૭૭૬ |
| અડદ | ૧૧૮૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૪૪૧ | ૨૧૩૧ |

| | | |
|---|---|---|
| બાજરો | ૪૦૧ | ૪૫૧ |
| રાયડો | ૧૦૭૧ | ૧૦૯૧ |
| તુવેર | ૧૪૪૧ | ૨૧૪૧ |
| જુવાર | ૭૮૧ | ૮૭૧ |
| વરીયાળી | ૫૫૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૩૦૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૮૧ |
| મકાઇ | ૩૭૬ | ૩૭૬ |
| મેથી | ૧૦૫૧ | ૧૧૭૬ |
| મગ | ૧૧૧૧ | ૧૬૬૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૪૬ |
| વાલ | ૪૮૧ | ૨૧૨૬ |
| ચોળા / ચોળી | ૧૮૫૧ | ૩૦૭૬ |
| સોયાબીન | ૭૯૧ | ૯૧૬ |
| અજમાં | ૧૯૨૬ | ૧૯૨૬ |
| ગોગળી | ૪૨૬ | ૧૦૨૧ |
| ડુંગળી લાલ | ૩૦૧ | ૯૩૧ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૧૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૮ |
| બાજરો | ૪૪૨ | ૪૮૦ |
| જુવાર | ૪૫૦ | ૭૦૦ |
| ચણા | ૧૩૫૨ | ૧૪૪૨ |
| તુવેર | ૧૨૪૦ | - |
| એરંડી | ૧૧૫૧ | - |
| રાયડો | ૮૬૫ | ૧૧૦૫ |
| ધાણા | ૯૭૧ | ૧૦૨૦ |
| રજકો | ૩૨૦૦ | ૪૬૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૫૦ | ૧૫૫૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૨૦૫ | ૪૫૫ |
| જુવાર | ૪૫૦ | ૭૦૦ |
| ચણા | ૧૩૫૨ | ૧૪૪૨ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૩૫ |
| એરંડી | ૧૦૬૦ | ૧૨૩૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૩૯ |
| ધાણા | ૬૦૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૧૦૦ |
| અજમાં | ૧૬૯૦ | ૨૭૮૦ |

## શબ્દ સંજોગ-૧૮૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | ૧૦ | |
| | ■ | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | ૧૪ | ૧૫ | | ■ | ■ | ૧૬ | | |
| ■ | ૧૭ | | | ૧૮ | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | ૨૨ | | ■ | ૨૩ |
| | ■ | ૨૪ | ■ | ૨૫ | | ■ | ૨૬ | |
| ૨૭ | ૨૮ | ■ | ૨૯ | ■ | ૩૦ | | | ■ |
| ૩૧ | | | ■ | ૩૨ | | ■ | ૩૩ | |

**આડી ચાવી :**
(૧) કહાનો, કૃષ્ણ (૩)
(૪) દુ:ખ, મુશ્કેલી (૩)
(૮) ઘાતક, મર્મવેધી (૩)
(૯) કોઈ જગાએ અટકયા વગરની મજલ (૫)
(૧૧) પૈડાની નાભિમાં ઘાલવામાં આવતી લોઢાની ચૂડી (૩)
(૧૨) ડૂબવાનો અવાજ (૨)
(૧૩) એક પ્રકારનો દંડ (૪)
(૧૬) રદ, નકામુ (૩)
(૧૭) શાબાશી બદલ આપવામાં આવતો પોશાક (૪)
(૧૯) જોઈતુ, યોગ્ય (૨)
(૨૦) .....તું છે નારાયણી (૨)
(૨૧) મોટું તળાવ (૪)
(૨૪)લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ (૧)
(૨૫) લાખની સંખ્યા (૨)
(૨૬) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૨૭) કેદ કરેલો માણસ, બંદીવાન (૨)
(૨૯) તરંગ, ફાંટો (૧)
(૩૦) ખેતરમાં રાતવાસો રહી ચોકી કરનાર (૩)
(૩૧) ફસલનું, મોસમનું (૩)
(૩૨) ભાંજગડ, તકરાર (૨)
(૩૩) નમસ્કાર (૨)

**ઉભી ચાવી :**
(૧) એક જાતનું હલકુ મોતી (૪)
(૨) પૂજા, વંદન (૨)
(૩) પાણીનું એક વાસણ (૨)
(૪) સન્માન (૩)
(૫) પક્ષ, પાસુ (૩)
(૬) કિંમત, મૂલ્ય (૨)
(૭) વાતચીતથી થતો આછો ઘોંઘાટ, શોરબકોર (૪)
(૧૦) મળતર, પ્રાપ્તિ (૪)
(૧૧) નિરાશ (૪)
(૧૪) બાર બદામ જેટલી કિંમત (૩)
(૧૫) મહેસૂલ, જકાત (૨)
(૧૬) પ્રથમ મોગલ બાદશાહ (૩)
(૧૮) ભમરો (૩)
(૨૦) અજાણ, અપરિચિત (૪)
(૨૨) ટંટો, કજિયો (૪)
(૨૩) હવન, યજ્ઞ (૨)
(૨૬) લંગોટી (૩)
(૨૮) દિવસ (૨)

## શબ્દ સંજોગ-૧૮૭૫ જવાબ

**આડી ચાવી:** (૧) જમણ (૩) હરફ (૬) માણેક (૭) રજાઈ (૮) તહંમ(મહંત) (૧૦) જમા (૧૧) ટરકોસા (૧૪) નગર (૧૬) ખાર (૧૭) યજન (૧૯) પ્યાલો (૨૦) ફકરો (૨૨) ગીધ (૨૪) વરખ (૨૫) પા (૨૬) વતન (૨૮) તગડો (૩૦) ઢેલ (૩૧) ગજ (૩૨) ઘર.
**ઉભી ચાવી:** (૧) જન્નત (૨) ણમામર(રમમાણ) (૩) હક (૪) ફરમાન (૫) વાઈસર (૯) હંટર (૧૨) કોયલો (૧૩) સાજ (૧૫) ગજરો (૧૬) ખાનગી (૧૮) નફરત (૨૧) કખગઘ (૨૩) ધવલ (૨૭) નગ (૨૯) ડોર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેતીવાડી માટે ૧૦ કલાક વીજળી આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય

## રાજ્ય સરકારના નિર્ણયથી ખેડૂતોમાં આનંદ

અમરેલી,તા.૨૫

રાજયના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, કિસાનોના હિત માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ખેડૂતોના મગફળી તેમજ અન્ય ઉભા પાકોને બચાવવા ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી આપવાનો ખેડૂત હિત લક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. ઉર્જા મંત્રીએ ઉમેર્યું કે, સામાન્ય રીતે રાજયમાં ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને એક અઠવાડિયે દિવસે અને બીજા અઠવાડિયે રાત્રે રોટેશન પદ્ધતિથી દરરોજ નિયમિત સમયસર ૮ કલાક વીજળી આપવાનો કાર્યક્રમ અમલમાં છે, અને તે રીતે નિર્ધારીત નીતિ મુજબ ખેડૂતોને કૃષિ વિષયક વીજળી માટે સામાન્ય પરિસ્થિતિમાં પ્રતિ દિન સરેરાશ ૮ કલાક વીજળી રોટેશનથી આપવામાં આવતી હોય છે.



જોકે સૌર ઉત્પાદનને અનુલક્ષીને હાલમાં ખેતીવાડી ક્ષેત્રે લગભગ ૭૫% થી વધુ સપ્લાય દિવસ દરમ્યાન આપવામાં આવે છે. રાજ્યના આશરે ૨૦.૧૦ લાખ ખેતીવાડી ગ્રાહકો પૈકી આશરે ૧૬.૦૧ લાખ ગ્રાહકોને દિવસ દરમ્યાન (એટલે કે સવારે ૫ કલાક થી રાત્રે ૯ કલાક સુધી) ખેતી વિષયક વીજળી પૂરી પાડવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, વરસાદ ખેંચાતો હોય અથવા ઉભા પાકને બચાવવો જરૂરી જણાય તેવા વિવિધ સંજોગોમાં તેમજ ઋતુ પ્રમાણેના ડાંગર, જીરું જેવા પાકને બચાવવા માટે જરૂરિયાત પ્રમાણે કૃષિ વીજગ્રાહકોને પ્રતિ દિન સરેરાશ ૮ કલાક ઉપરાંત વધારાના કલાકો માટે વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે.

હાલમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના પીજીવીસીએલના વીજ વિતરણ ક્ષેત્ર હેઠળ આવતા જામ જોધપુર, લાલપુર, માણાવદર, વંથલી, મેંદરડા, કેશોદ, માંગરોળ, માળીયા હાટીના તાલુકામાં તેમજ કચ્છ જિલ્લામાં મગફળી તેમજ અન્ય પાકોને બચાવવાના હેતુથી ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી આપવા અમલવારી કરવાની સૂચના ડિસ્કોમને આપી દેવામાં આવી છે જેનાથી ખેડૂતોના મહામૂલા ઉભા પાકને જીવતદાન મળ્યું છે.

# અમદાવાદમાંથી ૮ પિસ્તોલ, ૩૯ કારતૂસ સાથે ૪ શખ્સો ઝડપાયા

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે કિશોર પંચાલ, વિક્રમ પઢિયાર, જગદીશ લુહાર અને આમીન મેમણ નામના ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આરોપી પાસેથી ૮ પિસ્તોલ તથા ૩૯ કારતૂસ મળી આવ્યા છે. આરોપીઓએ મધ્યપ્રદેશના માનસિંગ સિખલીગર નામના વ્યક્તિ પાસેથી હથિયાર ખરીદ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે ત્રણ અલગ અલગ ગુના નોંધીને ૪ આરોપીઓની ધરપકડ કરી છે. ચારેય આરોપીની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. આરોપી કિશોર વિરુદ્ધમાં બનાસકાંઠા, અમદાવાદ, વડોદરા સહિતના જિલ્લામાં ૧૨ જેટલા લૂંટ અને ચોરીના ગુના નોંધાઈ ચુક્યા છે. આરોપી વિક્રમ પઢીયાર વિરૂદ્ધમાં ડીસામાં અલગ અલગ ત્રણ ગુના નોંધાયેલા છે. આરોપી જગદીશ લુહાર વિરુદ્ધમાં ધાનેરા અને હિંમતનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન અને ઘરફોડ ચોરીના બે ગુના નોંધાયેલા છે.




# લાંબા સમયના વિરામ બાદ રાજુલામા ધોધમાર વરસાદ

રાજુલા, તા.૨૫



રાજયમાં સુરત અને અમદાવાદ સાથે અમરેલી જિલ્લામાં પણ વરસાદનું આગમન થયું છે. અમરેલીમાં લાંબા સમય બાદ વરસાદ આવ્યો છે. જેમાં અમરેલીના રાજુલામાં સવારથી જ વાતાવરણમાં ગરમીનો વધારો જોવા મળેલો હતો અને વાદળછાયું વાતાવરણ પણ હતું તેવામાં અચાનક સાંજના આઠ કલાકે વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો હતો જેના કારણે ગરમીમાંથી લોકોને રાહત મળી હતી અને ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ અને રોડમાં પાણી વહેતા થઈ ગયા હતા.

# કોડીનારના ડોળાસા ગામે આંગણવાડી સંચાલિકાઓ માટે તાલીમ શિબિર યોજાઈ

કોડીનાર, તા.૨૫

કોડીનાર તાલુકાના ડોળાસા ખાતે ડોળાસા વિભાગની આંગણવાડી સંચાલિકાઓ માટે તાલીમ શિબિર યોજાઈ હતી, જેમાં તજજ્ઞો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલી છે. આ યોજના હેઠળ પૂરક પોષણ અને પૂરક પોષણ સિવાયની સેવાઓ આપવામાં આવે છે. પોષણ માસ ૨૦૨૪ ઉજવણીના ભાગરૂપે કોડીનાર ઘટકના ડોળાસા સેજામાં એનેમિયા થીમ પર એક સેશનનું આયોજન કરવામાં આવેલ. આ સેશનમાં પૂર્ણા યોજનાની પૂર્ણા સખી/સહ સખી તેમજ પૂર્ણા કિશોરીઓ હાજર રહેલ. સેશનમાં કિશોરીઓને પોષણ, આરોગ્ય તેમજ એનેમિયા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવેલ. આ સેશનની સાથે સાથે ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણીના ભાગરૂપે થીમ આધારિત પ્રવૃત્તિઓ કરાવવામાં આવેલ.



# ઉનામાં આધારકાર્ડ લિંક કરાવવા લોકોએ વારા માટે વહેલી સવારથી ચપ્પલ મૂક્યા..



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૨૫

ઉના મામલતદાર કચેરીએ આધારકાર્ડ લિંક કરાવવા વહેલી સવારથી અરજદારો વારા માટે લાઈનોમાં ચપ્પલ મૂકી રાહ જોતા હોય છે. તાલુકાના અલગ અલગ ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો, શ્રમિકો સહિત લોકોના અભ્યાસ કરતા બાળકોને આધારકાર્ડ લિંક ના હોવાથી શિષ્યવૃત્તિ મળતી નથી. જેથી આધારકાર્ડ લિંક કરાવવા વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ વહેલી સવારે ૫ વાગ્યાથી ચપ્પલોની લાઈન કરી ઊભા રહે છે. અહીં સવારે ૯ વાગ્યાથી કામગીરી શરૂ થાય છે અને માત્ર ૪૦ ટોકન મળતા હોવાથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. મજૂરી કરીને પેટ ભરતાં મજૂરો મજૂરીએ જઈ શકતા નથી, ત્રણ ચાર દિવસ સુધી ધક્કા ખાવા છતાં વારો આવતો નથી. તાજેતરમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે આધારકાર્ડની જરૂરિયાત હોય લોકોની લાઈનો લાગે છે ત્યારે આ કામગીરી સરળ થાય તેવી માંગણી ઉઠી છે.

# અમરેલીમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજના વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

## જ્ઞાતિના ૨૩૯ પ્રતિભાવંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો

અમરેલી, તા.૨૫


અમરેલીમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજના માધ્યમથી સંચાલિત કેળવણી સહાયક મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન ૨૨-૦૯-૨૦૨૪ના રોજ શ્યામ વાડી લીલીયા રોડ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધો.૧ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીનો અભ્યાસ કરેલ જ્ઞાતિના કુલ ૨૩૯ પ્રતિભાવંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ભગવાન વિશ્વકર્મા, સરસ્વતી માતા તેમજ ગુરુવર્ય શ્રી શામજીબાપુ સમક્ષ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં ટ્રસ્ટી મંડળના સભ્યો, ચલાલા,




લીલીયા વગેરે ગામથી જ્ઞાતિના આગેવાનો, વિવિધ મંડળોના આગેવાનો તથા ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ તથા દાતાઓ હાજર રહેલ. કાર્યક્રમના સ્ટેજ સંચાલક તરીકે જયેશભાઈ બજાણીયા તથા યોગેશભાઈ જેઠવાએ સેવા આપી હતી. આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વચ્ચે વચ્ચે બાળકોએ વિવિધ દેશભક્તિ ગીત, છપાકરા (યુધ્ધ કાવ્ય) પઠન રજૂ કરેલ હતું. આ કાર્યક્રમના અંતે ભોજનના દાતા જ્ઞાતિ પ્રમુખ ભરતભાઈ કે. ટાંક રહ્યા હતા. તેમજ ભોજન પ્રસાદની વ્યવસ્થા કડિયા સેવા સંઘની ટીમ દ્વારા બજાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ માટે જ્ઞાતિજનોએ કેળવણી મંડળના સભ્યો (પ્રમુખ) રમણીકભાઈ મારુ, યોગેશભાઈ જેઠવા, સી.કે. ટાંક, અશોકભાઈ મકવાણા, હિરેનભાઈ સોલંકી, જયેશભાઈ ભરડવા, સી.પી. ટાંક, ચીમનભાઈ ટાંક તથા પ્રદિપભાઈ મારુને કાર્યક્રમ સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

# ડોળાસા બાયપાસ સર્કલ નજીક વીજપોલ રોડ વચ્ચે આવી જતાં લોકોમાં આશ્ચર્ય

ડોળાસા, તા.૨૫



તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે બાયપાસ સર્કલ વચ્ચે વીજપોલ ઉભો છે જે હટાવ્યો નથી પણ ફોરટ્રેક રોડનું કામ પૂરું થતાં આ વીજપોલ સી.સી. રોડની વચ્ચે આવી ગયો છે. ડોળાસા ગામે બાયપાસ સર્કલનું કામ ચાલુ છે પણ અહીં એક વીજપોલ રોડ વચ્ચે અડીખમ ઉભો છે અને પોલ નજીક સી.સી. રોડનું કામ પુરું થતાં આ પોલ રોડની વચ્ચે આવી ગયો છે. જેના પર વાયર પણ છે. જેથી વાહન ચાલકો અને લોકોમાં આશ્ચર્ય સર્જાયું છે. નિયમાનુસાર ફોરટ્રેક રોડ પર વીજ વાયર અન્ડરગ્રાઉન્ડ પસાર કરવામાં આવે છે. પણ ડોળાસા બાયપાસ સર્કલ પાસે સિમેન્ટ રોડની વચ્ચે(આ વીજપોલ વાયર સાથે) આવી ગયો છે. જે હટાવી દેવાશે પણ હવે આ સી.સી. રોડ તોડીને આ વીજપોલ કાઢવામાં આવશે. સી.સી. રોડ તોડવાથી રોડની મજબૂતાઈ નબળી નહિ પડે? તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# દેશનાં સૌથી મોટો વૃધ્ધાશ્રમ રાજકોટમાં નિર્માણ થવા જઈ રહ્યો છે

રાજકોટ,તા.૨૫



દેશનો સૌથી મોટો વૃદ્ધાશ્રમ રાજકોટમાં નિર્માણ પામવા જઈ રહ્યો છે. જામનગર રોડ પરના રામપર ગામમાં ૩૦ એકરની વિશાળ જગ્યામાં રૂ. ૩૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થઈ રહેલા સદભાવના વૃદ્ધાશ્રમમાં દેશભરમાંથી નિરાધાર, અશકત, પથારીવશ, કોમામાં તેમજ ડાઈપર ઉપર રહેલા ૫,૧૦૦ વડીલોને આશરો મળી રહે તે માટે ૧,૪૦૦ રૂમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ૧૧ માળની ૭ બિલ્ડિંગમાં વડીલોને નિઃશુલ્ક ભોજન માટે અન્નપૂર્ણા ગૃહની સાથે મંદિર, કસરતના સાધનો, યોગા રૂમ, દવાખાનું, કોમ્યુનિટી હોલ અને બાગ-બગીચા સહિતની તમામ સુવિધા ઊભી કરવામાં આવશે.


## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ નોંધ અરજી રજી.નં.૪૬/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી રવજીભાઈ જવેરભાઈ સોલંકી
રે. આંબા, તા.લીલીયા, જિ. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર, અમરેલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર, દુકાન નં.૪૧/૪૨, અમરેલી, મો.૯૦૧૬૪૦૫૩૬૮

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, આંબા, તા.લીલીયા,જિ. અમરેલી

-: **જાહેર નોટીસ** :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના આંબા ગામના રહીશ શ્રી રવજીભાઈ જવેરભાઈ સોલંકી એ તેમના પુત્રનો જન્મ આંબા મુકામે તા.૦૪/૦૨/૧૯૯૨ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી રવજીભાઈ જવેરભાઈ સોલંકીના પુત્ર શ્રી કાળુભાઈ રવજીભાઈ સોલંકીના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૯૨માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ નોંધ અરજી રજી.નં.૪૮/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી વેકરીયા જયશ્રીબેન વલ્લભભાઈ
રે. જાત્રોડા, તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર, અમરેલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર, દુકાન નં.૪૧/૪૨, અમરેલી, મો.૯૦૧૬૪૦૫૩૬૮

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, બવાડા, તા.લીલીયા,જિ. અમરેલી

-: **જાહેર નોટીસ** :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના જાત્રોડા ગામના રહીશ શ્રી વેકરીયા જયશ્રીબેન વલ્લભભાઈ એ તેમના ભાણેજનો જન્મ બવાડા મુકામે તા.૧૫/૦૫/૨૦૦૮ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી વેકરીયા જયશ્રીબેન વલ્લભભાઈના ભાણેજ શ્રી પાંચાણી પુર્વ રાજેશભાઈના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૨૦૦૮ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ નોંધ અરજી રજી.નં.૫૧/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી શીવાભાઈ નારણભાઈ પોલરા
રે.હાથીગઢ, તા.લીલીયા, જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, લીલીયા, તા.લીલીયા,જિ. અમરેલી

-: **જાહેર નોટીસ** :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના હાથીગઢ ગામના રહીશ શ્રી શીવાભાઈ નારણભાઈ પોલરા એ તેમના પુત્રીનો જન્મ હાથીગઢ મુકામે તા.૨૮/૦૭/૧૯૮૩ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી શીવાભાઈ નારણભાઈ પોલરાના પુત્રી શ્રી શિલ્પાબેન શીવાભાઈ પોલરાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૩માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ નોંધ અરજી રજી.નં.૪૯/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી ભીખાભાઈ કાનજીભાઈ માલવીયા
રે.ભરવાડ શેરી, ભગવતી પ્રેસની બાજુમા, લીલીયા, તા.લીલીયા, જી. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર, અમરેલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર, દુકાન નં. ૪૧/૪૨, અમરેલી, મો.૯૦૧૬૪૦૫૩૬૮

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, લીલીયા, તા.લીલીયા,જિ. અમરેલી

-: **જાહેર નોટીસ** :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લીલીયા ગામના રહીશ શ્રી ભીખાભાઈ કાનજીભાઈ માલવીયા એ તેમના બહેનનો જન્મ લીલીયા મુકામે તા.૦૧/૦૧/૧૯૭૧ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભીખાભાઈ કાનજીભાઈ માલવીયાના બહેન શ્રી ગીતાબેન કાનજીભાઈ માલવીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૧માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૫૨/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી ભગવાનભાઈ ગોંવીદભાઈ બરવાળીયા
રે. આંબા, તા.લીલીયા, જી. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી.વોર
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર,અમરલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર,દુકાનં.૪૧/૪૨ અમરેલી,મો-૯૦૧૬૪૦૫૩૬૮

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી -વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આંબા, તા. લીલીયા, જિ.અમરેલી.

-: **જાહેર નોટીસ** :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના આંબા ગામના રહીશ શ્રી ભગવાનભાઈ ગોવીંદભાઈ બરવાળીયા એ તેમના ભત્રીજીનો જન્મ આંબા મુકામે તા.૦૧/૦૬/૧૯૬૯ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભગવાનભાઈ ગોવીંદભાઈ બરવાળીયાના ભત્રીજી શ્રી વસંતબેન મોહનભાઈ બરવાળીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૯ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

મરણ અરજી રજી.નં.૧૦/૨૦૨૪ **અરજદાર** :- (૧) શ્રી પરશોતમભાઈ નથુભાઈ રાયપરા
રે.લીલીયા મોટા, તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર, અમરેલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર, દુકાન નં.૪૧/૪૨, અમરેલી, મો.૯૦૧૬૪૦૫૩૬૮

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી ,લીલીયા, તા.લીલીયા,જિ. અમરેલી

-: **જાહેર નોટીસ** :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી પરશોતમભાઈ નથુભાઈ રાયપરા, રે.લીલીયા,તા.લીલીયા, જિ.અમરેલીના પ્રથમ પત્ની સ્વ.હંસાબેન પરષોતમભાઈ રાયપરાનું અવસાન લીલીયા મુકામે તા.૦૮/૦૬/૧૯૯૨ તથા બીજા પત્ની સ્વ.ભાનુબેન પરષોતમભાઈ રાયપરનું અવસાન લીલીયા મુકામે તા.૦૮/૦૨/૨૦૧૧ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે,અરજદારશ્રી ના પ્રથમ પત્ની સ્વ.હંસાબેન પરષોતમભાઈ રાયપરાનું મરણ નોંધ સને-૧૯૯૨ તથા બીજા પત્ની સ્વ. ભાનુબેન પરષોતમભાઈ રાયપરાનું મરણ નોંધ સને-૨૦૧૧ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણનોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

ભાજપના શાસનમાં હરિયાણાએ કૃષિ અને ઉદ્યોગ બંને ક્ષેત્રે દેશના ટોચના રાજ્યોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે

# હરિયાણાનો પ્રેમ મારા જીવનની ગેરંટી છે : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),હિસાર,તા.૨૫

સોનીપતના ગોહાનામાં જન આશીર્વાદ રેલીને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. પીએમએ કહ્યું કે ભાજપ તરફથી ચૂંટણીના માહોલમાં પાર્ટીની તરફેણમાં મહત્તમ સમર્થન મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રેલીમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૦ ડીસીપી, ૩૦થી વધુ એસીપી, ૧૦૦ ઈન્સ્પેક્ટર અને ૧૫૦૦થી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. રેલી દ્વારા પીએમએ ૯ સોનીપત લોકસભા સીટ, ૯ રોહતક લોકસભા અને ૪ કરનાલ લોકસભા એટલે કે કુલ ૨૨ વિધાનસભા સીટોના ઉમેદવારોને વોટ આપવાની અપીલ કરી હતી. રેલી માટે લગભગ ૨૫ એકરમાં પંડાલ બનાવવામાં આવ્યો હતો. પોતાના સંબોધનની શરૂઆત કરતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે સોનીપતની આ ધરતી પરથી હું દેશના મહાન સપૂત સર




છોટુરામ જીને વંદન કરું છું. સર છોટુરામ જીનું જીવન ખેડૂતો અને વંચિતોને સમર્પિત હતું. હું બાબા લક્ષ્મીચંદ જીને વંદન કરું છું જેમણે હરિયાણાની લોક કલાને સમૃદ્ધ કરી. આજે ૨૫મી સપ્ટેમ્બર છે, તે આપણા પ્રણેતા પં. દીનદયાળ ઉપાધ્યાયની પણ જન્મજયંતિ છે. અંત્યોદય અને ગરીબોની સેવા માટે પંડિતજીએ બતાવેલો માર્ગ ભાજપના દરેક કાર્યકર્તા માટે સંકલ્પ પત્ર સમાન છે. પીએમ મોદીએ કહ્યું કે હરિયાણામાં જેમ જેમ મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ કોંગ્રેસની હાર થઈ રહી છે. હરિયાણામાં ભાજપનું સમર્થન વધી રહ્યું છે. કહ્યું કે હરિયાણાનો આ પ્રેમ મારા જીવનની ગેરંટી છે. હું ગર્વ સાથે કહું છું કે હું જે પણ છું, તેમાં હરિયાણાનો મોટો ફાળો છે.

# અજમેર દરગાહ શિવ મંદિર હોવાનું જણાવી હિન્દુ સેનાએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા

અજમેર,તા.૨૫

હિન્દુ સેનાએ અજમેર દરગાહને ભગવાન શિવનું મંદિર હોવાનો દાવો કર્યો છે. હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાએ આ મામલે કોર્ટનો સંપર્ક કર્યો છે. તેણે અજમેર કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. તેમનું કહેવું છે કે ખ્વાજા ગરીબ નવાઝની અજમેર દરગાહ અગાઉ સંકટ મોચન મહાદેવ મંદિર હતું જેને ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ બનાવવા માટે તોડી પાડવામાં આવ્યું હતું.



વિષ્ણુ ગુપ્તાએ દાવો કર્યો હતો કે દરગાહ હિન્દુ અને જૈન મંદિરોને તોડીને બનાવવામાં આવી હતી, જેના પુરાવા ઉપલબ્ધ છે. વિષ્ણુ ગુપ્તાએ કોર્ટમાં દરગાહને સંકટ મોચન મહાદેવ મંદિર જાહેર કરવા અને ત્યાં પૂજા કરવાનો અધિકાર આપવાની અપીલ કરી છે. તેમણે ત્યાં ASI સર્વે કરાવવાની પણ માંગ કરી છે. વિષ્ણુ ગુપ્તાએ જણાવ્યું કે અજમેરના હરવિલાસ શારદાએ તેમના પુસ્તકમાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તકના આધારે વિષ્ણુ ગુપ્તાએ દિલ્હીના એડવોકેટ શશિ રંજન અને અજમેરના જે.એસ. રાણા મારફત પોતાનો કેસ દાખલ કર્યો છે.

# પંજાબ પંચાયતની ચૂંટણી ૧૫ ઓક્ટોબરે થશે, ૨૭ સપ્ટેમ્બરથી નામાંકન ભરાશે

ચંડીગઢ,તા.૨૫

પંજાબમાં પંચાયત ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બુધવારે પંચાયત ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ અંતર્ગત પંજાબમાં ૧૫ ઓક્ટોબરે પંચાયત ચૂંટણી યોજાશે. મતદાન પ્રક્રિયા ૧૫ ઓક્ટોબરે સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે. તે જ સમયે, ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થશે, જે ૪ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. ૫ ઓક્ટોબરે ચૂંટણી થશે અને ૭ ઓક્ટોબર સુધીમાં નામાંકન પરત ખેંચવામાં આવશે. પંજાબ ચૂંટણી પંચના કમિશનર રાજ કમલ ચૌધરી વતી બુધવારે પંજાબ ભવન ખાતે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય ચૂંટણી પંચે માહિતી આપી હતી કે મતદાર યાદી અપડેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. રાજ્યની ૧૩,૨૩૭ ગ્રામ પંચાયતોમાં મતદાન માટે ૧૯,૦૧૦ મતદાન મથકો બનાવવામાં આવશે.

# કર્ણાટકના મુખ્યમંત્રી સામે ફરિયાદ નોંધાવવા હાઈકોર્ટે કર્યો આદેશ

(એ.આર.એલ),બેંગલુરુ,તા.૨૫

કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાની મુશ્કેલીઓ સતત વધી રહી છે. જનપ્રતિનિધિ અદાલતનો નિર્ણય તેમની વિરુદ્ધ આવ્યો છે. કોર્ટે સીએમ સિદ્ધારમૈયા વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની સૂચના આપી છે. કોર્ટે કહ્યું છે કે મૈસુર લોકાયુક્ત પોલીસે આ મામલાની તપાસ કરવી જોઈએ. તેમને ૩ મહિનામાં



તપાસ રિપોર્ટ સોંપવાની સૂચના આપવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે હાઈકોર્ટના આદેશ બાદ લોકપ્રતિનિધિ અદાલતે સ્નેમયી કૃષ્ણાની અરજી પર પોતાનો ચુકાદો આપવાનું શરૂ કર્યું હતું. ન્યાયાધીશ સંતોષ ગજાનન ભટે કહ્યું કે હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં સીએમ સિદ્ધારમૈયા વિરુદ્ધ તપાસની વાત પણ કરી છે. તે સ્પષ્ટ છે કે દેવરાજ નામની વ્યક્તિ જેની પાસેથી જમીન ખરીદવામાં આવી હતી તે જમીનનો વાસ્તવિક માલિક નથી.

૨૪ સપ્ટેમ્બરે એમયુડીએ કેસમાં સિદ્ધારમૈયાની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટ દ્વારા કહેવામાં આવ્યું હતું કે જમીન કૌભાંડમાં સિદ્ધારમૈયા વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે કર્ણાટક હાઈકોર્ટે રાજ્યપાલના આદેશને પડકારતી મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની અરજી પર પોતાનો ચુકાદો આપ્યો હતો.

# કૃષિ કાયદાઓ પરત લેવાના નિવેદન અંગે કંગના રનૌતે માફી માંગી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

ભારતીય જનતા પાર્ટીની સાંસદ અને ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે રદ કરેલા કૃષિ કાયદાઓને લઈને નિવેદન આપ્યું હતું, જેમાં તેણે કહ્યું હતું કે રદ કરેલા કૃષિ કાયદાઓને પરત લાવવામાં આવે. જોકે, હવે કંગનાએ પોતાના આપેલા નિવેદનને લઈને માફી માંગી અને કહ્યું કે, “હું મારા શબ્દો પરત ખેંચુ છું.” સાથે જ તેણે આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર માફી પણ માંગી છે. કંગનાએ પોતાનું આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે તેના કૃષિ કાયદા પરત લાવવા વાળા નિવેદનને લઈને વિપક્ષ દ્વારા ભાજપ પર પ્રહાર કરવામાં આવી રહ્યા હતા. એક તરફ હરિયાણા વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે, બીજી કંગનાએ આપેલા નિવેદનને લઈને ભાજપે પણ તેનાથી દૂરી બનાવી લીધી હતી. ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે, “કંગનાને કૃષિ કાયદાઓ પર બોલવાનો કોઈ હક નથી.” સોશિયલ મીડિયા પર કંગનાએ જે વીડિયો પોસ્ટ કર્યો છે તેમાં તેણે કહ્યું કે, “ગત દિવસોમાં મીડિયા દ્વારા મને કૃષિ કાયદાને લઈને સવાલ કરવામાં આવ્યા હતા. ત્યારે મેં કહ્યું હતું કે ખેડૂતોએ કૃષિ કાયદા પરત લાવવા માટે વડાપ્રધાનને આગ્રહ કરવો જોઈએ.” સાથે જ વીડિયોમાં કંગનાએ એવું પણ કહ્યું કે, “મારી આ વાતથી ઘણા બધા લોકો નિરાશ છે.”



વધુમાં કંગનાએ એવું કહ્યું કે, “જ્યારે કૃષિ કાયદા સરકારે લાવ્યા ત્યારે ઘણા લોકોએ તેને સમર્થન આપ્યું હતું, પરંતુ આપણા વડાપ્રધાને ઘણી સંવેદનશીલતાથી તે કાયદાઓને પરત ખેંચ્યા હતા અને હવે દરેક કાર્યકર્તાઓનું કર્તવ્ય બને છે કે તેમના શબ્દોનું માન રાખીએ.” આપને જણાવી દઈએ કે ૨ દિવસ અગાઉ જ કંગનાએ હિમાચલ પ્રદેશમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતાં ૩ રદ કરેલા કૃષિ કાયદાઓને પરત લાગુ કરવા કહ્યું હતું. સાથે જ તેણે કહ્યું હતું કે, “ખેડૂતોએ પોતે જ આ કાયદા પરત લાવવા માંગ કરવી જોઈએ જેથી આપણા ખેડૂતોની સમૃદ્ધિમાં બ્રેક ન લાગે.”

# તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ઘી સપ્લાય કરનાર કંપની વિરુધ્ધ ફરિયાદ

(એ.આર.એલ),તિરુપતિ,તા.૨૫

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ એટલે કે TTD બોર્ડે આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં શ્રદ્ધાળુઓને આપવામાં આવતા ‘પ્રસાદમ’માં કથિત ભેળસેળના મામલે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવી છે. અહેવાલો અનુસાર, ટીટીડીના જનરલ મેનેજર (પ્રોક્યોરમેન્ટ) પી. મુરલી કૃષ્ણાએ પૂર્વ પોલીસ સ્ટેશન, તિરુપતિમાં એઆર ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડ, ડિંડીગુલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી



છે. અગાઉ, સરકારે વરિષ્ઠ પોલીસ અધિકારી શ્રેષ્ઠ ત્રિપાઠીના નેતૃત્વમાં એક SITની રચના કરી છે જે ભેળસેળના કેસની તપાસ કરશે. વિશ્વ પ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળને લઈને સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ પણ દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દ્વારા કરવામાં આવેલા ભેળસેળના આરોપોની તપાસની માંગ કરી હતી. તમને જણાવી દઈએ કે આંધ્ર પ્રદેશના સીએમ ચંદ્રબાબુ નાયડુએ તાજેતરમાં એનડીએ વિધાનસભ્ય દળની બેઠક દરમિયાન તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં પશુઓની ચરબીની ભેળસેળનો આરોપ લગાવ્યો હતો.

# એનડીએમાં ભાજપના સાથી પક્ષો જેડીયુ અને ટીડીપી હિંદુ મત બેંકને બચાવવામાં વ્યસ્ત

નવીદિલ્હી,તા.૨૫

ભાજપના નેતૃત્વમાં એનડીએ ત્રીજી વખત સત્તામાં ચોક્કસપણે પરત ફર્યું છે, પરંતુ આ વખતે સંજોગો તદ્દન અલગ છે. છેલ્લી બે ટર્મ દરમિયાન પોતાના દમ પર બહુમતી ધરાવતા ભાજપને હવે સાથી પક્ષોની જરૂર છે. ભાજપ પાસે બે મુખ્ય સહયોગી છે - તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) અને જનતા દળ યુનાઈટેડ (જેડીયુ). આ બંને પક્ષોના નેતાઓ હવે હિન્દુત્વની પીચ પર શોટ લઈ રહ્યા છે, પરંતુ



ભાજપથી અલગ છે. તાજેતરની રાજકીય ઘટનાઓ આ વાત સાબિત કરે છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુને ‘ટેક્નોલોજી મેન’ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તાજેતરમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે અગાઉની વાયએસ જગન મોહન રેડ્ડી સરકારના કાર્યકાળ દરમિયાન તિરુપતિ મંદિરના લાડુમાં પ્રાણીઓની ચરબી ભેળવવામાં આવી હતી. બીજી તરફ બિહારના સીએમ નીતિશ કુમાર છે જેમણે અયોધ્યામાં રામ મંદિરના અભિષેકના આઠ મહિના બાદ પત્ર લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પીઠ થપથપાવી છે. પત્રમાં નીતિશે સીતામઢીને અયોધ્યાની તર્જ પર વિકસાવવાની અપીલ કરી હતી.

બાળકોની જાતીય સતામણીની ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટે ફરી એકવાર કડક વલણ દાખવ્યુ

# શાળાઓમાં બાળકોની જાતીય સતામણી રોકવા રાજ્યો કેન્દ્રની માર્ગદર્શિકાનો અમલ કરે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

બાળકોની જાતિય સતામણીની ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટે ફરી એકવાર કડક વલણ દાખવ્યું છે. મહારાષ્ટ્રના બદલાપુર સહિત દેશની ઘણી શાળાઓમાં બાળકોની જાતીય સતામણીની તાજેતરની ઘટનાઓને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાની નકલ તમામ રાજ્યોના મુખ્ય સચિવોને તેના અમલ માટે મોકલવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમામ રાજ્યોએ કેન્દ્રની માર્ગદર્શિકાનો અમલ કરવો જોઈએ. કોર્ટે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સને રાજ્યો દ્વારા માર્ગદર્શિકાના અમલીકરણ પર દેખરેખ રાખવા જણાવ્યું હતું. એનસીપીસીઆરને સ્ટેટ સ્ટેટસ રિપોર્ટ પણ સુપરત કર્યો. તમને જણાવી દઈએ કે ૧ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ કેન્દ્ર સરકારે




શાળાઓમાં બાળકોની જાતીય સતામણી અંગે માર્ગદર્શિકા બનાવી છે. એનજીઓ બચપન બચાવો આંદોલને દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા લાગુ કરવા કોર્ટ પાસે માંગ કરી છે. ઓક્ટોબર ૨૦૨૧માં કેન્દ્ર સરકારે બાળકોની સુરક્ષાને લઈને અનેક માર્ગદર્શિકા બહાર પાડી હતી. જેમાં શાળામાં સ્ટાફની ચકાસણી, શાળામાં સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ, શિક્ષકો અને વાલીઓની મીટીંગ અને નિયમિત અંતરે સુરક્ષા માપદંડોની ચકાસણીનો સમાવેશ થાય છે.

# હિંસક વિરોધ કરવો બાંગ્લાદેશને ભારે પડશે, એડીબીએ જીડીપી વૃદ્ધિ દર ઘટાડ્યો

(એ.આર.એલ),ઢાકા,તા.૨૫

એશિયન ડેવલપમેન્ટ બેંકે બાંગ્લાદેશ માટે આર્થિક વૃદ્ધિનું અનુમાન ઘટાડીને ૫.૧ ટકા કર્યું છે. આનું મુખ્ય કારણ જુલાઈ-ઓગસ્ટમાં દેશમાં રાજકીય અશાંતિના કારણે સપ્લાયમાં વિક્ષેપ છે. અખબાર ‘ધ ડેઈલી સ્ટાર’ના સમાચાર અનુસાર, એશિયન ડેવલપમેન્ટ બેંકે અગાઉ અનુમાન લગાવ્યું હતું કે નાણાકીય



વર્ષ ૨૦૨૪-૨૫ માટે દક્ષિણ એશિયાના દેશમાં માલસામાન અને સેવાઓના એકંદર ઉત્પાદનમાં ૬.૬ ટકાનો વધારો થશે. મનીલા સ્થિત બહુપક્ષીય ધિરાણકર્તાએ જણાવ્યું હતું કે તેણે હિંસક વિરોધ અને તાજેતરના પૂરને કારણે વર્તમાન નાણાકીય વર્ષ માટે દેશના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિની આગાહીમાં ઘટાડો કર્યો છે.

એડીબીએ જણાવ્યું હતું કે રાજકોષીય અને નાણાકીય નીતિઓ ચુસ્ત રહેવાની શક્યતા છે, જે વપરાશ અને રોકાણની માંગને વધુ ઘટાડશે.

# ઢાકામાં ભારતીય ઉચ્ચાયુક્ત અને બીએનપીના મહાસચિવ વચ્ચે સકારાત્મક બાબતો પર ચર્ચા

(એ.આર.એલ),ઢાકા,તા.૨૫

બાંગ્લાદેશની સૌથી મોટી પાર્ટી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીનું માનવું છે કે વચગાળાની સરકારની રચના બાદ ભારત સાથેના સંબંધો સુધરી રહ્યા છે. બીએનપીના વડા બેગમ ખાલિદા ઝિયા બે વખત બાંગ્લાદેશના વડાપ્રધાન રહી ચૂક્યા છે. શેખ હસીનાની સરકાર દરમિયાન બાંગ્લાદેશ અને ભારત વચ્ચેની કેટલીક પહેલોની તે ટીકા કરતી રહી છે. તાજેતરમાં, ઢાકામાં



ભારતીય ઉચ્ચાયુક્ત પ્રણય વર્માએ બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અંગે ચર્ચા કરવા માટે પાર્ટી કાર્યાલયમાં બીએનપીના મહાસચિવ મિર્ઝા ફકરુલ ઈસ્લામ આલમગીરને મળ્યા હતા. આ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા આલમગીરે કહ્યું કે બરફ હવે પીગળવા લાગ્યો છે. ભારતીય હાઈ કમિશનર સાથે વાત કર્યા બાદ આલમગીરે કહ્યું કે બંને દેશો વચ્ચે ઘણી સકારાત્મક બાબતો સામે આવી છે. તેમણે કહ્યું, ×બાંગ્લાદેશમાં છેલ્લી ચૂંટણીઓથી અમારા સંબંધો પર સવાલ ઉઠી રહ્યા છે. પરંતુ આ વખતે ભારતીય હાઈ કમિશનરની અમારી ઓફિસની મુલાકાતથી પરિસ્થિતિમાં સુધારો થયો છે. બરફ હવે પીગળવા લાગ્યો છે.× તમને જણાવી દઈએ કે બીએનપીએ આ વર્ષે જાન્યુઆરીમાં યોજાયેલી બાંગ્લાદેશી સંસદીય ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.

# ઈઝરાયેલને રોકો : ઈરાનની આં.રા.સમુદાયને વિનવણી

ન્યુ દિલ્હી,તા.૨૫

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝકિયાને મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે ઈરાન હાલ લેબેનાનમાં ઈઝરાયેલના હુમલાનો જવાબ આપશે નહીં. તેનાથી વિસ્તારમાં તણાવ વધી શકે છે. પાઝાશિકયાને કહ્યું કે ઈઝરાયલને રોકવું જરૂરી છે, નહીં તો સમગ્ર મધ્ય પૂર્વ અને પછી વિશ્વ યુદ્ધની પકડમાં આવી જશે. તેમણે આંતરરાષ્ટ્રીય



સમુદાયને તાત્કાલિક હિંસા બંધ કરવા અને ગાઝામાં કાયમી યુદ્ધવિરામ લાગુ કરવા અપીલ કરી હતી. આ પહેલીવાર છે જ્યારે ૭૦ વર્ષીય ઈરાની નેતાએ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો છે. ઈબ્રાહિમ રાયસીના અવસાન બાદ જુલાઈમાં પજશ્કિયન ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા હતા. ઈરાનના રાષ્ટ્રપતિએ ઈઝરાયેલ પર ગાઝામાં નરસંહાર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ મહિનામાં ગાઝામાં ૪૧ હજાર નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. છેલ્લા એક વર્ષમાં ઈઝરાયેલની વાસ્તવિકતા દુનિયા સામે ઉજાગર થઈ ગઈ છે.

# એશિયાઈ સિંહોના રક્ષણ માટે કેન્દ્ર સરકારનો નિર્ણય : જાહેરનામુ બહાર પડાયું

**અત્યાર સુધી આ વિસ્તારને ફરતે ૧૦ કિમી સુધી ઇકો-સેન્સિટિવ ઝોન અમલમાં હતો**

અમરેલી,તા.૨૫

ગુજરાતના ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' વર્ષોથી એશિયા ખંડમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના 'ગીર રક્ષિત વિસ્તાર'માં વસવાટ કરતા જોવા મળે છે. ત્યારે આ સિંહો તેમજ વન્ય પ્રાણીઓના જતન માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. એશિયાઈ સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર તેમજ ગુજરાત સરકાર દ્વારા ટેક્નોલોજીની મદદથી સતત અનેકવિધ નવીન પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રયાસોથી કેન્દ્ર સરકાર દ્વારા 'ગીર રક્ષિત વિસ્તાર'ના આજુબાજુના કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જે ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલ ઈકો-સેન્સિટિવ ઝોન વિસ્તારના અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિમી અને વધુમાં વધુ ૯.૫૦ કિમી રાખવામાં આવ્યું છે તેમ વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ જણાવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં જોવા મળતા એશિયાઈ સિંહ સહિત દેશભરમાં પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે વિવિધ કાયદા અમલી બનાવ્યા છે તેમ જણાવી વન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, નવીન 'ઈકો-સેન્સિટિવ ઝોન' વિસ્તારમાં કુલ ૧૭ નદીઓના રિવર કોરિડોર અને સિંહોના અવરજવરવાળા ૪ મહત્વના કોરિડોરને આવરી લેવામાં આવશે. વધુમાં ગીર રક્ષિત વિસ્તારની આજુબાજુ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, વિસાવદર, માળીયા હાટીના અને મેંદરડા તાલુકાના મળી કુલ ૫૯ ગામો, અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મળી કુલ ૭૨ ગામો તથા ગીર-સોમનાથ જિલ્લાના ઉના, ગીર-સોમનાથ, કોડીનાર અને તાલાલા તાલુકાના મળી કુલ ૬૫ ગામો એમ આ ત્રણેય જિલ્લાના કુલ ૧૯૬ ગામોના ૨૪૬૮૦.૩૨ હેક્ટર વન વિસ્તાર તથા ૧,૫૯,૭૮૫.૮૮ હેક્ટર બિન-જંગલ વિસ્તાર એમ મળી કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારનો સમાવેશ થશે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં સિંહ અને વન્યપ્રાણીઓ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યનો કુલ ૧,૪૬૮.૧૬ ચોરસ કિમી વિસ્તાર આરક્ષિત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર અને નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન નિયમ મુજબ આ રક્ષિત વિસ્તારની ફરતે 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવાનો થતો હોય છે, જે રક્ષિત વિસ્તારને ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર ન થાય ત્યાં સુધી ગાઈડલાઈન મુજબ રક્ષિત વિસ્તારની ફરતે ૧૦ કિમી ઈકો-સેન્સિટિવ ઝોન અમલમાં રહે છે. જેથી અત્યારસુધી આ વિસ્તારને ફરતે ૧૦ કિમી સુધી ઈકો-સેન્સિટિવ ઝોન અમલમાં હતો.



## સિહોર પાલિકામાં ડમી કર્મચારી ફરજ બજાવતો હોવાનું ખુલ્યુ



ભાવનગર,તા.૨૫

સિહોર નગરપાલિકામાં ૫-૬ દિવસ પહેલા ડમી કાંડ પ્રકાશમાં આવ્યો હતો. જેમાં સિહોર નગરપાલિકાના ડંકી વિભાગના એક કર્મચારી છેલ્લા ૮ મહિનાથી બહારગામ હોવા છતાં તેની જગ્યાએ ડમી કર્મચારી કામ કરી રહ્યો હોવાનું બહાર આવતા સિહોર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી, આ ઘટનાને લઈ સિહોર નગરપાલિકાના ચીફ ઓફિસરે ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે સિહોર પોલીસે ત્રણેય શખ્સોને ઝડપી લીધા હતા.

# સુરતમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ, હજુ પાંચ દિવસ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં અત્યંત બફારા વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ફરી એક વરસાદી રાઉન્ડની શરૂઆત થઈ છે તો હજુ પણ કેટલાક જિલ્લાઓમાં આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા છે. જેને પગલે ગુજરાતવાસીઓને ભયંકર બફારામાંથી રાહત મળશે. જ્યારે સુરતમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે અમદાવાદમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં પણ છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર કરી ગયો હતો. જ્યારે આજે પણ વહેલી સવારથી જ અમદાવાદ શહેરના વાતાવરણમાં ગરમી અને બફારો થયા બાદ બપોર પછી વાતાવરણમાં પલટો આવ્યો છે. શહેર નજીક આવેલા પીરાણા અને પીપળજ પાસે બપોરે ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદની શરૂઆત થઈ હતી. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં પણ બપોર પછી વાતાવરણમાં પલટો આવવાની શરૂઆતની સાથે વાદળો છવાયા હતા.



## ડાકોરના રણછોડરાયજી મંદિરના લાડુના પ્રસાદની તપાસ કરવા માંગ કરાઈ

(એ.આર.એલ),ડાકોર,તા.૨૫




તિરુપતિ મંદિર પ્રસાદના વિવાદ બાદ હવે ગુજરાતમાં આવેલ ડાકોરના મંદિરમાં વિવાદ ઉભો થયો છે. ડાકોરના રણછોડરાયજી મંદિરના પ્રસાદ પર હવે સવાલો ઉઠ્યા છે. જેમાં મંદિરના પૂજારી દ્વારા જ ભક્તોને અપાતા લાડુના પ્રસાદની તપાસ કરવા માંગ કરાઈ છે. ડાકોરના રણછોડરાયજી મંદિરના પૂજારીએ ભક્તોને આપવામાં આવતા લાડુના પ્રસાદની યોગ્ય તપાસ થાય તેવી માગ કરતા ખળભળાટ મચ્યો છે. આશિષ સેવકે સોશિયલ મીડિયામાં પ્રસાદીનો વીડિયો અપલોડ કરીને કહ્યું- અગાઉ મહિનાઓ સુધી પ્રસાદ રહેતો હવે ૩થી ૪ દિવસમાં બગડી જાય છે.

જેવી રીતે તિરૂપતિ બાલાજીના મંદિરના પ્રસાદની તપાસ થઈ તેવી જ રીતે ડાકોર મંદિરના પ્રસાદની તપાસ થવી જોઈએ. આ અમે નથી કહેતા પરંતુ ખુદ ડાકોર રણછોડરાયજી મંદિરના પૂજારી આશિષ સેવક કહી રહ્યા છે. મંદિરમાં અપાતી લાડુની પ્રસાદીની યોગ્ય તપાસ થાય તેવી પૂજારીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને માંગ કરી છે. પોસ્ટ મૂકી કોમેન્ટ બોક્સમાં લાડુ પ્રસાદીનો વીડિયો પણ અપલોડ કરવામાં આવ્યો છે. લાડુનો પ્રસાદ પહેલા મહિનાઓ સુધી સારો રહેતો હતો પરંતુ હવે ત્રણથી ચાર જ દિવસમાં લાડુ પ્રસાદ બગડી જાય છે. પૂજારીએ કરેલી પોસ્ટથી અનેક ચર્ચાઓ શરૂ થઈ છે.

# રાજકોટમાં લીવ ઈનમાં રહેતા પ્રેમીપંખીડાનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત

**આપઘાત અંગે પોલીસે તપાસ હાથ ધરી**



રાજકોટ,તા.૨૫

રાજકોટના રેલનગરમાં લીવ ઈન રિલેશનશિપથી રહેતી ત્યક્તા મહિલા અને અપરિણીત યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બ્યૂટીપાર્લરમાં કામ કરતી ૩૭ વર્ષની ત્યક્તા તૃપ્તિબેન ભાવેશભાઈ ધ્રાંગધરિયા નામની મહિલાને ઈન્સ્ટાગ્રામ થકી ૨૭ વર્ષનાં અપરિણીત યુવાન અક્ષય શૈલેષભાઈ કલોલિયા સાથે સંપર્ક થયો હતો. દોઢ વર્ષથી બન્ને વચ્ચે પ્રેમસંબંધ હતો. રેલનગરની શ્રીજી રેસિડેન્સીમાં અઠવાડિયા પહેલા જ મકાન ભાડે રાખ્યું હતું. આ દરમિયાન ગઈકાલે મોડીરાત્રે આ યુવાન ઘરે પહોંચ્યો હતો તો પ્રેમિકાનો મૃતદેહ લટકતો જોઈ હેબતાઈ ગયો હતો અને આથી આ યુવાને મિત્રને વોઈસ કોલથી કહ્યુ કે, પ્રેમિકાએ આપઘાત કર્યો છે, જેથી હું પણ મરી જાઉં છું. બાદમાં તે મિત્રે પોલીસને જાણ કરી હતી. પોલીસ ત્યાં પહોંચી તો જોવા મળ્યું કે, બંને પ્રેમી પંખીડાના મૃતદેહ લટકતા હતા. બંનેએ આર્થિક સંકડામણ કે અન્ય કોઈ કારણથી આપઘાતનું અંતિમ પગલું ભર્યું છે કે કેમ તે બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે.

## વિસાવદરમાંથી વિદેશી દારૂ સાથે પોલીસે ૬ શખ્સો ઝડપ્યા


જુનાગઢ,તા.૨૫



વિસાવદર પોલીસ સ્ટેશનના પીઆઈ આર. એસ. પટેલ દ્વારા મકરાણી પરામાં બંધ મકાનમાંથી અલગ અલગ દારૂની બોટલ અને બિયર નંગ ૫૧૪ સાથે હત્યા, ગુજસીટોક અને ૧૦ થી વધુ ગુનામાં સંડોવાયેલ નાસીર મૈતર અને તેના સાગરીતો અમિત ઉર્ફે ભૂરો સમા, વિરેન ઉર્ફે વિકી પ્રવીણભાઈ વિંઝુડા, રામકુ જગુભાઈ કાળિયા, નાઝીમ મૈતર તેમજ એજાજ જેનાને દારૂ, બીયર, મોબાઈલ, મોટર સાયકલ મળી કુલ ૧,૫૨,૩૪૫ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. વિસાવદર પોલીસે દારૂના જથ્થા સાથે આ ૬ આરોપીઓને પકડી હાલ વધુ પૂછપરછ હાથ ધરી છે.

## સુરત શહેરમાં નવરાત્રી પહેલા ખાડાઓ, સ્ટ્રીટ લાઈટ રિપેર કરવા મેયરનું અલ્ટિમેટમ

**ઝોનલ ઓફિસરની તાકિદે બેઠક બોલાવી કડક સૂચના આપી**



સુરત,તા.૨૫

સુરતમાં રોડ પરના ખાડાઓથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા છે. આવી પરિસ્થિતિમાં જ્યારે નવરાત્રી નજીક છે ત્યારે આ ખાડાઓ સાથે શહેરની બંધ પડેલી સ્ટ્રીટ લાઈટને રિપેર કરવા સુરતના મેયર દક્ષેશ માવાણીએ અલ્ટિમેટમ આપ્યું છે. સોમવાર સુધી શહેરના તમામ ખાડાઓ અને સ્ટ્રીટ લાઈટની કામગીરી પૂર્ણ કરવા માટે સૂચના આપી છે. સાથે મહાનગરપાલિકાના તમામ કમિટી ચેરમેનો આજથી રાઉન્ડમાં જશે અને મેયરને રસ્તા અને લાઈટની સ્થિતિ અંગે માહિતગાર કરશે. મેયરને ફરિયાદ મળી હતી કે, ખાડાઓ પૂરવામાં કર્મચારીઓ યોગ્ય કામગીરી કરતા નથી. દક્ષેશ માવાણીએ તમામ ઝોનના ઝોનલ ઓફિસર, ઝોનલ ચીફ અને વિવિધ સમિતિના ચેરમેનની તાકીદની બેઠક બોલાવી હતી. તેમજ હવે રસ્તા પરના ખાડા અને બંધ પડેલી સ્ટ્રીટ લાઈટ મુદ્દે કોઈ બહાનાબાજી નહીં ચાલે એવો સૂર આલાપી ઝોન કક્ષાએ કામગીરી માટે સોમવાર સુધીનું અલ્ટિમેટમ આપ્યું છે. સોમવારે રિવ્યૂ બેઠક બોલાવ્યા બાદ ખુદ રાઉન્ડ લેવાની ચીમકી પણ આપી છે.

# ગુજરાતના લોકો શાંતિપૂર્ણ રીતે નવરાત્રી પર્વ ઉજવી શકે તેવા પ્રયાસ કરાશે : ડીજીપી

અમદાવાદ,તા.૨૫

નવરાત્રી મુદ્દે રાજ્ય પોલીસ વડા ડીજીપી વિકાસ સહાયનું નિવેદન સામે આવ્યું. પોલીસ વડા ડીજીપીએ જણાવ્યું કે નવરાત્રી શરૂ થવાને હવે થોડા જ દિવસો બાકી છે. પોલીસ પણ નવરાત્રીને લઈને વધુ સતર્ક બની છે. યુવાનોના મનગમતા આ તહેવારમાં અનિચ્છનીય બનાવો ના બને માટે પૂરતું ધ્યાન રાખવામાં આવશે. નવરાત્રી તહેવારને લઈને પોલીસ સલામતી અને સુરક્ષા માટે કટિબદ્ધ છે. ગરબાના સ્થળો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ સાથે ડીજીપીએ ગરબા આયોજકોને પણ નિયમોના પાલન માટે સૂચના આપી છે. ગુજરાતના લોકો શાંતિપૂર્ણ રીતે નવરાત્રી પર્વ ઉજવી શકે તેવા પ્રયાસ કરવામાં આવશે તેમ ડીજીપી દ્વારા જણાવવામાં આવ્યું. મહત્વનું છે કે નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી છે. આગામી ૩ ઓક્ટોબરથી યુવાનોનો મનપસંદ નવરાત્રી તહેવાર શરૂ થશે. આખુ વર્ષ ખૈલેયાઓ આ તહેવારની રાહ જોતા હોય છે. ૯ દિવસ ચાલતા આ પર્વમાં રાત્રે ગરબા અને દાંડિયાની રમઝટ ચાલતી હોય છે. રાજ્યમાં અનેક સ્થાનો પર પાર્ટી પ્લોટ અને મોટી કલબોમાં ગરબાનું આયોજન થતું હોય છે. પ્રખ્યાત ગાયકોની ગાયકીના તાલે ગરબાનો આનંદ લેવાતો હોય છે. સોસાયટીઓ, કલબ અને પાર્ટી પ્લોટમાં રાત્રે ચાલતા ગરબાના આનંદમાં રંગમાં ભંગ ના પડે માટે પોલીસ સુરક્ષાને લઈને વધુ સર્તક બની છે. ખાસ કરીને મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખાસ સુરક્ષા વ્યવસ્થા માટે ફૂલપ્રૂફ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. છેલ્લા ઘણા સમયથી મહિલાઓ સાથે દુ:ખદ ઘટનામાં વધારો થયો છે આથી રોમિયોગીરી કરતા નબીરાઓ કોઈ યુવતી કે મહિલાની છેડતી ના કરે માટે ગરબા આયોજકોને પાર્કિંગ અને આસપાસના ડાર્ક સ્પોટ પર લાઈટો ફરજિયાત લગાવવાની સૂચના આપી છે. આ ઉપરાંત ગરબા ગ્રાઉન્ડ પર જવાના રસ્તા પર આવતી દુકાનો અને રેસ્ટોરન્ટ પર સીસીટીવી લગાવવાના આદેશો આપ્યા છે.








# રાજકોટમાં બુટલેગરોના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફરી વળ્યુ

રાજકોટ,તા.૨૫



રાજકોટનાં અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં દેશી દારૂના અડ્ડા પર એકાદ મહિના અગાઉ જનતા રેડ કરવામાં આવી હતી. સુવર્ણભુમી સહિતની સોસાયટીના સ્થાનિક લોકોએ દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી. સમગ્ર મામલે સ્ટેન્ડિંગ ચેરમેનને રજૂઆત કરવામાં આવતા તેમણે તરત જ સ્થળ મુલાકાત લઇ અહીં બુટલેગરોનાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે ખાતરી આપી હતી. જે અંતર્ગત આજે RMC દ્વારા ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા બુલડોઝર મોકલાયા હતા. જો કે, સ્થાનિકોએ વિરોધ કરી ઉચ્ચ અધિકારીઓ સાથે વાત ચાલુ હોવાનું જણાવી ડિમોલીશન કામગીરી અટકાવી હતી. જોકે, કામગીરી અટકાવતા પૂર્વ MLA સિદ્ધાર્થ પરમાર સહિતનાની અટકાયત કરાઈ હતી. જે બાદ રાજકોટ મનપા દ્વારા ડિમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

